સુવિચાર

દરેક વ્યકિતમાં એક અદ્દભૂત કાબેલિયત રહેલી છે. બસ જરૂર છે એ આગવી કાબેલિયતને ઓળખી ચોક્કસ દિશામાં મહેનત કરવાની.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૫/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ જેઠ સુદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૧૪૧

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

જાહેર માર્ગ ઉપરની ધુળ અને કચરો હવામાં ઉડતો જોવા મળ્યો

અમરેલી જિલ્લામાં ભારે પવન ફુંકાતા ધુળની ડમરીઓ ઉડી

ભારે પવન શરૂ થતાં જ પીજીવીસીએલ દ્વારા ઠેકઠેકાણે વીજ પુરવઠો રાબેતા મુજબ બંધ કરી દેવાયો

ભારે પવન અને ધુળની ડમરીઓ બાદ ધીમીધારે વરસાદ પણ શરૂ થયો હતો

જિલ્લામાં સમગ્ર ઉનાળા દરમિયાન અવારનવાર કમોસમી વરસાદથી ખેડૂતોની હાલત ખરાબ બની

થોડીવાર માટે માર્ગ પર ચાલવું કે વાહન ચલાવવું મુશ્કેલ બન્યું

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં આજે બાબરા, અમરેલી, સાવરકુંડલા, વડિયા સહિતનાં અનેક વિસ્તારોમાં બપોર બાદ અચાનક વાતાવરણ પલટાયું અને ભારે પવન અને કાળા ડિબાંગ વાદળો વચ્ચે થોડીવાર ધુળની ડમરીઓ ઉડયા બાદ ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો.

શરૂઆતમાં ભારે પવન ફુંકાતા ધુળની ડમરીઓ અને માર્ગ પર પડેલ પ્લાસ્ટીક સહિતનો કચરો હવામાં ફંગોળાયો અને રાહદારીઓ ચાલવામાં અને વાહનચાલકોને વાહન ચલાવવામાં મુશ્કેલી ઉભી થઈ હતી. વાતાવરણ એકદમ બિહામણું બન્યું હતું. જો કે થોડીવાર બાદ ધીમી ધારે વરસાદ પડતા ધુળની ડમરી શાંત થઈ હતી.

સાવરકુંડલા

સાવરકુંડલા શહેરમાં બપોર બાદ અચાનક વાતાવરણ પલટાતા મીની વાવાઝોડું ફૂંકાયું હતું ને નદી બજારના પતરા અને નાના હોર્ડિંગ હવામાં ઉડતા હતા. તો કાચા

અનુસંધાન પાના ૬ ઉપર

બાબરા નજીક આવેલ

કરીયાણા ગામે ઈલેક્ટ્રીકની દુકાનમાં નુકસાન જતાં વેપારીએ ગળાફાંસો ખાધો

વેપારી યુવકનાં નિધનથી અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૨૯

બાબરા તાલુકાનાં કરીયાણા ગામે રહેતા અને બાબરા ખાતે ઈલેકટ્રોનીકની દુકાન ચલાવતા પ્રકાશભાઈ વિરજીભાઈ મેટાલીયા નામનાં ૨૧ વર્ષિય યુવકની દુકાન બરોબર ચાલતી ન હોય અને આર્થિક રીતે નુકસાન થયેલ હોય જે બાબતનું પોતાને લાગી આવતા પોતે પોતાની મેળે ઘરનાં પંખા સાથે ચૂંદડી બાંધી ગળ ફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું બાબરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

Introducing
AI DUAL Inverter
ALL IN ONE
ONE IN ALL
DUALCOOL
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ,
અમરેલી. મો. 99 74 77 23 77

નારી હોસ્પિટલ
હવેથી અમો મળીશું નીચેના નવા સરનામા પર

ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084

ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091

નારી હોસ્પિટલ હવે નવા રંગરૂપમાં, આધુનિક સાધનો તથા અદ્યતન સુવિધાઓ સાથે દર્દીઓને ઉત્તમ વાતાવરણ તથા સારવાર મળી રહે તે હેતુથી અમો નવી જગ્યાએ પ્રસ્થાન કરી ચુકયા છીએ તો હવેથી અમારૂ નવું સરનામું નીચે મુજબ રહેશે.

નવું સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે,
માણેકપરા, અમરેલી.

ગણતરીની મિનિટોમાં ૨ વ્યકિતનાં મોતની ઘટનાથી અરેરાટી

બાબરાનાં આંબલીધાર નજીક છકડો રિક્ષા, એસ.ટી. બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા આધેડનું મોત

બીજા બનાવમાં સુકવડા ખાતે ખેતરમાં શ્રમિક યુવાનનું વીજળી પડતા મોત

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૯

બાબરા તાલુકામાં આજે સાંજે બે મોટા બનાવ બન્યા હતા. જેમાં એક અકસ્માતમાં બાબરાના દેવીપુજક પરિવારને અકસ્માત નડતા પરિવારનાં મોભીનું ઘટના સ્થળે મોત નીપજયું હતું. તેમજ બીજા બનાવમાં તાલુકાના સુકવડા ગામે ખેતરમાં કામ કરતા ખેડૂત સહિત બે મજૂરો પર વીજળી પડતા ખેડૂતનું સ્થળ પર મોત નીપજયું હતું. જયારે મજૂરોને ઈજા તથા અન્ય ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતની પ્રાથમિક વિગત અનુસાર બાબરામાં નિલવળા ગામે રહેતા અને મજૂરી કામ કરી પરિવાર ગુજરાન ચલાવતા ગડુભાઈ કુરજીભાઈ ચારોળીયા (ઉ.વ.૫૫) પોતાની છકડો રીક્ષા લઈ મુકિતબેન ચારોળીયા(ઉ.વ.૪૫) અન્ય બે નાની દીકરીઓ ક્રિષ્ના અને મુનિને લઈ બાબરા તરફ આવી રહ્યાં હતા. ત્યારે અહીં રાજકોટ ભાવનગર રોડ પર આંબલીધાર પાસે એસ.ટી. બસ તેમજ છકડો રીક્ષા, અને કાર વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં ગડુંભાઈનું ઘટના સ્થળે મોત નીપજયું હતું. જયારે મુકિતબેન સહિત અન્ય ત્રણ વ્યકિતઓને ગંભીર ઈજા થતાં પ્રથમ બાબરા ત્યારબાદ વધુ સારવાર માટે અમરેલી ખાતે રીફર કરવામાં આવ્યા હતા. અકસ્માતનો ગુનો નોંધી બાબરા પોલીસ આગળ વધુ તપાસ

અનુસંધાન પાના ૬ ઉપર

જાફરાબાદ નજીક આવેલ

લુણસાપુર ગામે રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂની ૨૧ બોટલ ઝડપી લેવાઈ

આરોપી હાજર નહી મળી આવતાં શોધખોળ

જાફરાબાદ, તા. ૨૯

જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામે રહેતા હરેશભાઈ સોમાતભાઈ બાળધીયા નામનાં ઈસમ પોતાનાં રહેણાંક મકાને વિદેશી દારૂનો જથ્થો વેંચાણ અર્થે રાખ્યો હોવાની બાતમી અમરેલી એલ.સી.બી.ને મળતા દરોડો પાડી વિદેશી દારૂની બોટલ નંગ ૨૧ કિંમત રૂા. ૬૦૬૯નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. આરોપી હાજર નહી મળી આવતા શોધખોળ આદરી છે.

- રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (આરસીટી)
- દાંતનો સડો કાઢીને તેમાં ચાંદી/ડેન્ટલ સીમેન્ટ પુરવી
- મેટલ અને સીરામીક ફિક્સ દાંત
- પેઢાની સફાઈ તથા સર્જરી
- ચોગઠા બનાવવા
- ડેન્ટલ ઈમ્પલાન્ટ (સ્ક્રુ વડે દાંત ફીટ કરવા)
- વાકાચુકા દાંતની સારવાર

ડૉ. તુષાર બોરાણીયા (B.D.S.)
દાંત તથા પેઢાના રોગોનાં સર્જન
દાંતના મુળની સારવારના નિષ્ણાંત

ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૦૩૦૦

શિક્ષણ ચેરમેન વિપુલ દુધાત દ્વારા

પીજીવીસીએલની તમામ લાઈટને અન્ડર ગ્રાઉન્ડ કરવા માંગ કરાઈ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિનાંચેરમેન વિપુલ દુધાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, પીજીવીસીએલ કે.વી. લાઈનો દ્વારા તમામ વીજ પોલ અને ખુલ્લા તારથી લાઈટની વ્યવસ્થા કરે છે. પરંતુ જેનાથી કુદરતી આફતો વરસાદ દરમ્યાન કે નાના–મોટા વાવાઝોડા દરમ્યાન જયોતિગ્રામ તથા ખેતીવાડીનો વીજ પુરવઠો દિવસો/કલાકો સુધી બંધ રહે છે. જેનાથી ખેડૂતો તથા નાના–નાના ઉદ્યોગોને ખુબ જ મોટું નુકસાન થાય છે અને તેના મેન્ટેનન્સ માટે પણ સરકારને ખુબ જ મોટા પ્રમાણમાં આર્થિક ખર્ચાઓ કરવા પડે છે અને મેન્ટેન્સ દરમ્યાન વૃક્ષોને પણ મોટા પ્રમાણમાં કાપવામાં આવે છે. જેનાથી પર્યાવરણને પણ ખુબ જ મોટા પ્રમાણમાં નુકસાન થાય છે. અને સરકારને પણ આર્થિક ભારણ આવે છે. પરંતુ તમામ કે.વી. લાઈનો અન્ડર ગ્રાઉન્ડ કરવામાં આવે તો સ્ટાફની અછત નિવારી શકાય પર્યાવરનો બચાવ કરી શકાય, સરકારના નાણાની પણ બચત થાય અને ખેડૂતો તથા નાના ઉદ્યોગોને વારંવાર લાઈટ જવાને કારણે થતી નુકસાની નિવારી શકાય તેથી તમામ કે.વી. લાઈનો લોકહિતમાં અન્ડરગ્રાઉન્ડ કરવા અંતમાં માંગ કરેલ છે.

બગસરાનાં લુંધીયા ગામેથી જુગાર રમતાં ૧૧ પત્તાપ્રેમી ઝડપાયા

અમરેલી, તા. ૨૯

બગસરા પોલીસ સ્ટેશનનાં પો.ઈન્સ. આઈ.જે.ગીડા તથા બગસરા પોલીસની ટીમ દ્વારા બગસરા પોલીસ વિસ્તારના લુંધીયા ગામે પરા વિસ્તારમાં પરશોતમભાઈ રાજાભાઈ અકબરીના ઘર પાસે ખુલ્લી જગ્યામાં અગિયાર ઈસમો ગંજીપાના પાના તથા પૈસા વડે તીનપતિ નામનો હારજીતનો જુગાર રમી રમતા રોકડા રૂા. ૧૩૪૫૦ના જુગાર લગત સાહિત્ય સાથે અગિયાર ઈસમો પકડી પાડેલ છે.

વાયબ્રન્ટ અને ગતિશલ ગુજરાત સરકારની બસની ગતિની અનિયમિતતા

બગસરા એસ.ટી. ડેપોનાં અણઘડ વહીવટથી અનેક રૂટની બસ મોડી ઉપડતી હોય મુસાફરો પરેશાન

વિભાગીય નિયામક અને ડેપો મેનેજર આળશ ખંખેરે તેવી માંગ

તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા,તા.૨૯

બગસરામાં છેલ્લા ઘણા સમયથી એસટી ડેપોના પહાડ જેવા પ્રશ્નો ઉભા થયા બગસરા એસટી બગસરા સુરત સવારના ૭:૦૦ વાગે ઉપડતી એસટી બસ ફરી ગઈકાલે એક કલાક મોડી ઉપડી અને જે ડ્રાઈવરનું નામ લખ્યું હતું તે ડ્રાઈવર આવ્યા ન હતાં. ત્યારબાદ મહા મહેનતે એક કલાક બાદ બગસરા સુરત બસ ઉપડી હતી આવા અનેક પ્રશ્નો પેસેન્જરને આંખે વળગ્યા છે ત્યારે આની પહેલા પણ બગસરા સુરત વાળી બસ ત્રણ દિવસ સુધી ત્રણ ત્રણ કલાકે ડ્રાઈવર વાગે પડી હતી અને પેસેન્જર થેલા લઈ આમથી આમ ફરતા હતા અને ભયંકર પરિસ્થિતિનો સામનો કર્યો હતો. કોઈ એસટી તંત્રમાં જવાબદાર વ્યક્તિ છે જ નહીં ડેપો મેનેજર હાજર નથી જેને પૂછવામાં આવે તેમ કહે છે કે મારામાં આવતું નથી બગસરામાં બે એટીઆઈની પોસ્ટ છે છતાં ખાલી જગ્યા છે ડાઈવરો કંડક્ટરોને બેસાડી ડ્યુટી લીસ્ટ બનાવવામાં આવે છે બગસરાનો એસ.ટી ડેપોનું તંત્ર સાવ ખાડે ગયું છે કોઈ કેવાવાળું છે નહીં અને પેસેન્જર એસોસિએશનમાં હમણાં જ ઘનવા પ્રમુખ થયા છે ત્યારે તે માત્ર પ્રમુખ પદે પ્રમુખ પદનો હોદો લેવા માટે જ આવ્યા હોય તેમ એસટીના પહાડ જેવા પ્રશ્નો તરફ તેનું ધ્યાન જ આ બાબતે પેસેન્જરમાં ભારે નારાજગી જોવા મળી છે. બગસરા એસટી ડેપો કોણ ચલાવે છે એ કોઈને ખબર જ નથી ડાઈવર કંડક્ટરની નોકરી લખવામાં આવે જો ડ્રાઈવર આવી જાય તો બસ ઉપડી જાય પેસેન્જર અને થેલા લઈ રાહ જોવાની કે આબસ ઉપડશે કે કેમ ? આવા તો એસટી ડેપોના અનેક પહાડ જેવા પ્રશ્નો પડયા છે જેનો કયારે નિરાકરણ આવશે તે કોઈને ખબર નથી કોઈ અધિકારી બગસરા ડેપોમાં ફરકતા પણ નથી કોઈ પૂછતા નથી કે એસટી તંત્ર બરોબર ચાલે છે કે કેમ એટલે અંધેરી નગરી અને ગંડુ રાજા જેવી પરિસ્થિતિ જોવા મળી છે બગસરા સુરત વાળી બસ ઓનલાઈન હોવાથી જીપીઆર સિસ્ટમ વાળી બસ છે જેમાં કદાચ ૧૦ મિનિટ ગાડી મોડી પડી હોય તો પણ રજીસ્ટરમાં એન્ટ્રી પાડવી પડે છે કે આ ગાડી કોના કારણે લેટ લખવી પરંતુ બગસરા સુરત છેલ્લા કેટલા સમયથી એસટી ડેપો ના મેનેજર તથા તેના અધિકારીઓની અન આવડત ને કારણે રેગ્યુલર બસ ન હોવાથી પેસેન્જરએ કરેલ બુકિંગ હોવા છતાં બસ ઉપડ છે કે કેમ તેના માટે ફાફા મારવા પડે છે આવું તંત્ર સમગ્ર જિલ્લાના એસટી તંત્રમાં બગસરા ડેપો જેવું કયાંય જોવાની મળે બગસરાના એક જાગૃત નાગરિક દ્વારા પ્રેસ યાદીમાં જણાવ્યું હતું કે બગસરા સુરત બસ બુકિંગ કરેલું હોય છે પરંતુ આવી રીતે પેસેન્જર અને હેરાન કરવાથી પ્રાઈવેટ બસોમાં બુક થવા મળે અને પેસેન્જર પ્રાઈવેટ બસમાં ચાલ્યા જાય તેના માટેની તૈયારી ચાલે છે અને આ બસ વહેલી તકે કેમ બંધ થાય તેના પ્રયત્નો ચાલે છે.

અનેક પ્રકારની આરોગ્ય સેવાનો અભાવ જોવા મળી રહ્યો છે

લ્યો બોલો : લીલીયામોટાનું સામુહિક આરોગ્ય કેન્દ્ર અનેક બીમારીમાં સપડાયું : સારવાર જરૂરી

ચેમ્બર ઓફ કોમર્સનાં ઉપપ્રમુખની આરોગ્ય મંત્રીને રજુઆત

લીલીયા, તા. ૨૯

લીલીયા મોટાની સિવિલ હોસ્પિટલમાં કેટલાય સમયથી રાત્રીના સમયે જવાબદાર ડોકટર હાજર રહેતા નથી. જેથી રાત્રીના સમયે જો કોઈ ઈમરજન્સી કેસના દર્દી આવે તો તેની યોગ્ય સારવાર મળતી નથી. બહેનોને ડીલેવરી કેસ, હાર્ટ એટેક કેસ, કે એકસીડન્ટ કેસમા લીલીયા ૩૭ ગામના લોકોને જયારે ૧૦૮ ધ્વારા નિયમાનુસાર લીલીયામોટા સીએચસી મા લાવવામા આવે છે. ત્યારે ડોકટરની ગેરહાજરીના કારણે અમરેલી મોકલવામા આવે છે. લીલીયામોટા સીએચસીથી અમરેલી ૧૮ કી.મી જવા માટે આવા ઈમરજન્સી દર્દીઓના જીવ જોખમાય છે. તેમજ હાલ ઉનાળાની ખુબ જ ગરમી હોય આ લીલીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમા પીવાના પાણીનુ ફીલ્ટર પ્લાન બંધ પડેલ છે, જેના કારણે દર્દી અને સાથે આવેલા લોકો હેરાન પરેશાન થાય છે અને સાજા લોકોબિમાર પડી જાય છે. હાલ આ પ્રા.આ.કેન્દ્રમા ડાયાલીસીસના ત્રણ મશીન છે.પરંતુ ત્રણેય બંધ પડેલ છે.જેના કારણે દર્દીઓ ખુબજ હેરાન પરેશાન થાય છે. આવા અંત્યંત જરૂરી પ્રશ્નોને કોઈ જવાબદાર વ્યકિત ધ્યાન આપતુ નથી ત્યારે લીલીયા ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ ઘનશ્યામ બારૈયા દ્વારા આરોગ્ય મંત્રી ડીડીઓ જિલ્લા આરોગ્ય અધિકારી કલેકટરને પત્ર પાઠવી વિનંતી કરવામાં આવેલ છે કે રાત્રીના સમયે ડોકટર હાજર રહે,પાણીની સુવિધા વ્યવસ્થીત થાય અને બંધ પડેલા ડાયાલીસીસ મશીન ચાલુ કરાવી આપવા લેખિત રજુઆત કરવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

અમરેલી ખાતે પ્રધાનમંત્રીના ‘‘મન કી બાત’’ કાર્યક્રમનું શ્રવણ થયું

અમરેલી, તા. ૨૯

અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ તારીખ ૨૮/૦૫/૨૦૨૩નાં રોજ નવજીવન હોસ્પીટલનાં ગાયનેક ડો. સંજય ભાઈ સોલંકીની વિષેશ ઉપસ્થિતિમાં અમરેલી જીલ્લા સહકારી સંઘનાં કર્મચારીઓ, સહકારી અગ્રણીઓ અને યુવાનોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ''મન કી બાત'' કાર્યક્રમનો ૧૦૧મો એપિસોડ અમરેલી જીલ્લા સહકારી સંઘની ઓફીસ ખાતે ઉપસ્થિત રહી લાઈવ કાર્યક્રમ નિહાળી અને માર્ગદર્શન મેળવ્યું હતું.

બગસરામાં જુગાર રમતા પત્તાપ્રેમીઓની અટકાયત

બગસરા, તા. ૨૯

બગસરા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા નટવરનગર વિસ્તારમાં પ્રવિણભાઈ વિરજીભાઈ ઝાલા, ભાવેશભાઈ કનુભાઈ કુકવાવા, વિજગભાઈ હકાભાઈ માટીયા, જયેશભાઈ પ્રવિણભાઈ ઝાલા તથા શૈલેષભાઈ લાલજીભાઈ શેખવા રહે. બગસરાવાળા જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીનપત્તિ નામનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂા. ૧૬,૩૧૦ તથા જુગાર લગત સાહિત્ય સાથે પાંચેય ઈસમોને પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

પોલીસ અધિક્ષકની સુચનાથી સ્થાનિક પોલીસનો સપાટો

રાજુલા શહેર અને વાવેરા સીમ વિસ્તારમાં જુગાર રમતા ૧૨ પત્તાપ્રેમી ઝડપાયા

પોલીસે રૂપિયા ૧૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી તા. ૨૯

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ તેમજ ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એ.જે.ગોહિલએ જિલ્લામાંથી જુગાર/દારૂની બદી દુર કરવાં માટે સઘન પેટ્રોલીંગ રાખી તેમજ સફળ રેઈડો કરી જુગાર / દારૂની કડક કાર્યવાહી કરવાં સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. જે.એન. પરમારના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડના સ્ટાફને મળેલ બાતમી આધારે નીચે જણાવેલ ઈસમો વિરૂધ્ધ રાજુલા ટાઉન વિસ્તાર પાણીની ટાંકી તથા વાવેરા ગામની સીમ એમ અલગ અલગ બે જુગારધારા અંગે રેઈડો કરી, વાવેરા ગામેથી ભરતભાઈ જેતુભાઈ ધાખડા, અલ્પુશભાઈ રેવાભાઈ મહેતા,બહાદુરભાઈ ભીખુભાઈ ધાખડા,હસમુખભાઈ આતુભાઈ મકવાણા, વિજયભાઈ વિનુભાઈ કોટડીયા, જનકભાઈ મનુભાઈ બાંભણીયા, સંજયભાઈ ગોબરભાઈ બાળોધીયા, તથા દેવકુભાઈ સાવજભાઈ ધાખડા રહે.તમામ વાવેરા (તા.રાજુલા) વાળાને રોકડા રૂા.૧૨,૨૯૦ ઝડપી લીધા હતાં. જયારે રાજુલા ટાઉન વિસ્તારમાંથી વિજયભાઈ ધીરૂભાઈ સોલંકી, સુલતાનભાઈ ઉર્ફે ટીપુ ઈબ્રાહિમભાઈ બુકેરા,વિજયભાઈ ધીરૂભાઈ સોલંકી તથા ફિરોઝભાઈ કાળુભાઈ જીરૂકા રહે.તમામ રાજુલા વાળાને રોકડા રૂા.૪,૮૦૦ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી. સર્વેલન્સ સ્કોડના હેડ.કોન્સ ભરતભાઈ મુહાભાઈ વાળા, હેડ.કોન્સ હરપાલસિંહ વિક્રમસિંહ ગોહિલ, હેડ.કોન્સ રાણાભાઈ કાબાભાઈ વરૂ, હેડ.કોન્સ જયેન્દ્રભાઈ સુરીગભાઈ બસીયા, તથા પો.કોન્સ રવિરાજભાઈ બાબુભાઈ વરૂ તથા પો.કોન્સ હરેશભાઈ ભાયભાઈ વાળા તથા ટાઉન બીટ હેડ.કોન્સ મુકેશભાઈ પરશોતમભાઈ તથા પો.કોન્સ પરેશભાઈ મનુભાઈ દાફડા તથા પો.કોન્સ ભરતસિંહ લાખાભાઈ તથા પો.કોન્સ ધર્મેન્દ્રસિંહ રાજુભા ગોહિલ તથા વાવેરા બીટ એ.એસ.આઈ નવઘણભાઈ અરજણભાઈ સિંધવ તથા પો.કોન્સ પંકજભાઈ છગનભાઈ બગડા નાઓ દ્વારા કરવામાં આવેલ છે.

અમરેલી શહેરનાં ૭૭૬૪ બાળકોનું પોલિયો રસીકરણ થયું

નાયબ મુખ્ય ડંડક ગુજરાત વિધાનસભા ધારાસભ્ય કૌશીકભાઈ વેકરીયા, સ્ટેટ લાઈઝન ઓફીસર ડો.રાજેશ ગોપાલ તથા આર.સી.અચ.ઓ. અધિકારી ડો. સાલવી તથા જિલ્લા સર્વેલસ ઓફીસર ડો. એ.કે. સીંગ તથા તાલુકા હેલ્થ ઓફીસર ડો.આર.કે. સિન્હા તથા અર્બન હેલ્થ ઓફીસર ડો. કોમલ ડાભી, ડો. મુખ્તાર મસ્કતી તથા આયુષ મેડીકલ ઓફીસર, વૈદ્ય હેતલ ગળથીયા દ્વારા તા.૨૮–મે–૨૦૨૩ ને રવીવાર ના રોજ સીનીયર સીટીજન પાર્ક અમરેલી ખાતે પોલીયો બુથનું ઉદઘાટન કરવામાં આવેલ હતુ તથા અમરેલી શહેરી વિસ્તારના ૦ થી ૫ વર્ષના કુલ– ૭૭૬૪ બાળકોને પોલીયોની રસી પીવડાવી રક્ષીત કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં યુ.પી.એચ.સી. અમરેલીના આર.બી.એસ.કે. મેડીકલ ઓફીસર, સુપ્રરવાઈઝર, ફી.હે.વ., મ.પ.હે.વ., આગણવાડી, વર્કર, હેલ્પર બહેનો તથા અમરેલી શહેરી વિસ્તારની સેવાભાવી સ્થાઓ એ આ કાર્યક્રમને સફળ બનાવવા ખુબજ મહેનત કરેલ.

રાજકોટ ખાતે દેશનાં સૌથી મોટા વૃધ્ધાશ્રમ સદ્‌ભાવનાનું નિર્માણ કરાશે

રૂપિયા ૨૦૦ કરોડનાં ખર્ચે નિરાધાર, પથારીવશ માવતરો માટે વૃધ્ધાશ્રમ બનશે

સમગ્ર દેશનાં ૨૧૦૦ પથારીવશ વડીલોને આજીવન આશ્રય, સારવાર નિઃશુલ્ક મળશે

૪ કલાકમાં ૬૦ કરોડનાં દાનની ઘોષણા દાતાઓ દ્વારા કરવામાં આવી

૩ વર્ષમાં સંપૂર્ણ પરિસર તૈયાર થશે, દોઢ વર્ષ પછી વડીલોને પ્રવેશ અપાશે

પૂ. મોરારિબાપુએ પણ રૂપિયા દોઢ લાખનું અનુદાન તુલસી પત્ર તરીકે અર્પણ કર્યુ

રાજકોટ, તા. ૨૯

સમગ્ર દેશના નિરાશ્રિત, નિસંતાન, પથારીવશ વડીલો માટે રાહતનાં સમાચાર છે. ૩૦ એકરમાં રૂા. ૨૦૦ કરોડનાં ખર્ચે નિરાધાર, પથારીવશ માવતરો માટે દેશનો સૌથી મોટો વૃધ્ધાશ્રમ રાજકોટમાં બનશે. સમગ્ર દેશના ૨૧૦૦ પથારીવશ વડીલોને આજીવન આશ્રય, સારવાર રાજકોટનાં સદભાવના ધામમાં નિઃશુલ્ક મળશે. સેવા યજ્ઞની વિશાળ વેદીને આકાર આપતી ઘટનાની ઘડી એટલે ''સદ્‌ભાવના વૃધ્ધાશ્રમ''ના નવનિર્માણની ભૂમિનું પવિત્રીકરણ કરવાનો મંગળ અવસર.

સંતો, ભૂદેવોનાં વૈદિક મંત્રોચ્ચાર સાથે ભૂમિ પૂજન કરાયું જેમાં પૂજ્ય મોરારિબાપુ, પૂ. પરમાત્માનંદ સરસ્વતીજી સહિત અન્ય સંતો, મહંતો ઉપસ્થિત રહ્યા હતાં. ઉપસ્થિત સૌને પ્રતિકાત્મક રીતે ભૂમિપૂજનનો લાભ બેઠક વ્યવસ્થા પર જ અપાયો હતો. અહી આશરો લેતા વડીલોનું સન્માન જળવાઈ રહે તે માટે સદભાવના વૃધ્ધાશ્રનાં નવો જ અભિગમ ''અમારે માવતર જોઈએ છે''ની અનુમોદના કરતાં પૂ. મોરારિબાપુએ દોઢ લાખ રૂપિયાનું અનુદાન તુલસી પત્ર તરીકે અર્પણ કર્યુ હતું. પૂ. પરમાત્માનંદ સરસ્વતીજી એ આ ભૂમિપૂજન એ વાસ્તવમાં આઝાદીનાં અમૃત કાળની સેવામય ઉજવણી છે એમ જણાવ્યું હતું. સદભાવના ધામમાં દાતાઓને અનુદાન આપવાની પ્રેરણા આપતાં પૂ. પરમાત્માનંદ સરસ્વતીજીએ ત્યારબાદનાં સંચાલનનાં આર્થિક ખર્ચ માટે પણ સતત સહયોગ આપવાની સૌને અપીલ કરી હતી.

આ પ્રસંગે રાજકોટ, મુંબઈ, સુરત સહિતનાં અનેક શહેરો, ગામો, દેશ અને દુનિયામાંથી ઉપસ્થિત દાતાઓએ અનુદાનની શ્રી ગંગા મોકળ । મને વરસાદી હતી. ૨૦૦ કરોડનાં સમગ્ર પ્રોજેકટ પૈકી ૪ કલાકમાં ૬૦ કરોડનાં દાનની ઘોષણા તો ભૂમિપૂજન સમયે જ થઈ ગઈ છે. વાતાનુકુલિત સભાગૃહમાં ગરિમાપૂર્ણ રીતે તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે રસાળ શૈલીમાં આ કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા એક સત્વશીલ વૃધ્ધ દંપત્તિ થોડા સમય પહેલા વૃધ્ધાશ્રમની મુલાકાતે આવે છે. જેમાં સેવાવ્રતી વૃધ્ધા પોતાના પતિને કહે છે કે થોડુંક દાન આપજો ત્યારબાદ ટૂંકાગાળામાં તેમનું અવસના થઈ ગયું. પત્નીને જણાવેલ થોડું દાન એટલે કેટલું ? તેના પતિ એ નકકી ના કરી શકયા અને તેમણે પોતાની ખેતીની જમીન, દુકાન તેમજ સમગ્ર પૈતૃક અને વારસામાં મળેલી મિલ્કત વેચી નાખી અને ભેગી કરેલી બચત પણ આપી. આમ એમના તરફથી કુલ રૂા. ૨.૫૦ કરોડનું અનુદાન અપાયું હતું. વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજના કળ ીયુગની જરૂરિયાત તો છે જ. કમનસીબે સંયુકત કુટુંબ વ્યવસ્થા તુટતા જતાં ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ ધ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે.

આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરિયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ હાલતમાં પણ ૫૫૦ વડીલોને વિનામૂલ્યે આપવામાં આવે છે. જેમાંથી ૧૮૦ વડીલો તો સાવ પથારીવશ છે જેઓ જીંદગીની ટાઢક લઈ રહ્યા છે. સાવ પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી-નિરાધાર હાલતમાં પોતાનું જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલું આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યકિતઓ (કોઈપણ ઉંમરના) માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરના)ને પણ સદભાવના વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય અપાઈ રહ્યા છે. યથાશકિત સેવા કરાઈ રહી છે.

સદભાવના ધામ એ રાજકોટમાં દેશનો મોટો ૭૦૦ રૂમનો વૃધ્ધાશ્રમ હશે. દરેક માળે અગાશી હશે જેમાં વડીલો વોકિંગ કરી શકશે. પથારીવશ માવતરોની કેર કરવા માટે કેર ટેકરની મોટી ટીમ ચોવીસ કલાક ત્રણ સો પાંસઠ દિવસ ફરજમાં રહેશે. નવ નિર્મિત ભવનમાં દરેક જગ્યાએ, દરેક માળે, વડીલો વ્હીલ ચેરમાં જઈ શકે તેવી સુવિધા હશે. કુલ ૭ ટાવર હશે. દરેક ટાવરમાં ૧૦૦ રૂમ છે. દરેક રૂમમાં હવા-ઉજાશ, ગ્રીનરી જળવાઈ રહે તેનો પુરતો ખ્યાલ રાખવામાં આવ્યો છે. એકસાથે ૨૧૦૦ પથારીવશ બીમાર વૃધ્ધોને આશરો આપી તેની સાર-સંભાળ લઈ સારવાર કરાશે.

સમગ્રપણે ૧૦ લાખ સ્કવેર ફૂટનું બાંધકામ કરાશે. ત્રણ વર્ષમાં સંપૂર્ણ પરિસર તૈયાર જશે. દોઢ વર્ષ પછી વડીલોને પ્રવેશ આપવાનું શરૂ થઈ જશે. જૈન વૃધ્ધાશ્રમ પણ સાથે જ બનાવશે જયાં જૈન પરંપરાનું પાલન કરાશે. દરેક માળે અગાશી હશે જેમાં વડીલો વોકિંગ કરી શકશે. પથારીવશ માવતરોની કેર કરવા માટે કેર ટેકરની મોટી ટીમ ચોવીસ કલાક ત્રણ સો પાંસઠ દિવસ ફરજમાં રહેશે. નવ નિર્મિત ભવનમાં દરેક જગ્યાએ, દરેક માળે, વડીલો વ્હીલ ચેરમાં જઈ શકે તેવી સુવિધા હશે. આ પ્રસંગે સંસ્થાનાં યુવા પ્રમુખ સેવક વિજયભાઈ ડોબરીયાએ અત્યંત ટૂંકા ઉદબોધનમાં પોતાને આચરણનો દેશી માણસ ગણાવતા વિનમ્ર ભાવે જણાવ્યું પોતે અને સમગ્ર ટીમ તો માત્ર નિમિત્ત છે. વડીલોના પુણ્યબળે જ આ મહાયજ્ઞ સાર્થક થશે. વિજયભાઈએ દાનની અપીલ કરવાને બદલે પોતાની આસપાસમાં કોઈ નિરાધાર, નિઃસહાય પથારીવશ વ્યકિત (કોઈપણ ઉંમરના) જોવા મળે તો તેમને સદભાવના વૃધ્ધાશ્રમ (રાજકોટ) સુધી પહોંચાડવા જાહેર વિનંતી કરી હતી, જે ઉલ્લેખનીય પહેલને મંચ અને સભાગૃહે મોકળા મને વધાવી હતી. સદભાવના ધામ અંગેની માહિતી, ભાવિ ઉદેશો અને આયોજનોની સ્પષ્ટતા સંસ્થાના યુવા પ્રમુખ વિજયભાઈ ડોબરીયાએ લાગણીસભર ભાવે કરી હતી.

ભૂમિપૂજન અવસર પછી ઉપસ્થિત રહેનાર સૌ માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ કરાઈ હતી.

સદભાવના ધામમાં જૈન સમાજનાં વડીલો માટે આખો ટાવર જ અલગ, જયાં દેરાસર પણ બનશે. જૈન સમાજના વડીલોને જૈન ભોજ, સેવા પૂજા મળી રહે, તેને કોઈ મુશ્કેલી ના પડે તે માટે કુલ ૭ ટાવરમાંથી એક ટાવર માત્ર જૈન સમાજ માટે જ રાખવામાં આવશે. જયાં જૈન સમાજના જ વડીલોને આશરો આપવામાં આવશે. આ ઉપરાંત તેમાં દેરાસર પણ બનાવવામાં આવશે.

અન્ય પ્રવૃત્તિઓમાં સદભાવના વૃધ્ધાશ્રમનું ગુજરાતને ગ્રીન સ્ટેટ બનાવવાનું મહત્વાકાંક્ષી સ્વપ્ન છે. અત્યાર સુધીમાં ગુજરાતનાં ૧૦ જિલ્લાઓમાં ૨૦ લાખ વૃક્ષોનું વાવેતર અને તજન પણ થઈ રહ્યા છે. આગામી વર્ષોમાં સમગ્ર ગુજરાતમાં ૨૦ કરોડ વૃક્ષો વાવવામાં આવશે અને તેનો ઉછેર પણ કરવામાં આવશે. ગુગલ મેપમાંથી કોઈ વિદેશીમાંથી પણ જોવે તો તેને ગુજરાત લીલુછમ (ગ્રીન ગુજરાત) દેખાય એ સદભાવના વૃધ્ધાશ્રમનું સાત્વિક સ્વપ્ન છે.

વાવેલ વૃક્ષોનું ૩ વર્ષ સુધી જતન કરવા સંસ્થા પાસે ૨૫૦ ટ્રેકટર, ૨૫૦ ટેન્કર વડે વૃક્ષોને નિયમિત રીતે પાણી પીવડાવી ૭૦૦ લોકોનો પગારદાર સ્ટાફ આ અભિયાન ચલાવી રહી છે. સંસ્થા ધ્વારા ૧૦૦થી વધુ મિયાવાકી જંગલ ઉભા કરાયા છે.

સદભાવના વૃધ્ધાશ્રમ ધ્વારા બળદ આશ્રમ ચલાવવામાં આવે છે. સંસ્થાએ આ એક અનોખી પ્રવૃત્તિનો આરંભ કરીને, તદન નવો ચીલો ચીતર્યો છે. ગૌવંશનું હિત જોનારી આપણી સંસ્કૃતિમાં ગાયોની માવજત, સારવાર અને સેવા તો સહુ કરે છે. પણ બળદો પ્રત્યે સમાજમાં સંપૂર્ણપણે દુર્લક્ષ્ય સેવાતું જોવા મળ્યું છે ત્યારે સંસ્થા ધ્વારા ખાસ નોંધારા, અશકત અને બીમાર બળદો માટે ''બળદ આશ્રમ'' બનાવવાની પહેલ કરવામાં આવી છે. સંસ્થાનાં આ નવતર પ્રયાસ થકી અત્યારે ૭૦૦ જેટલા બળદો સંસ્થાના આશ્રિત છે. જયારે સંસ્થાનું લક્ષ્ય ૧૦,૦૦૦ બળદોને આશોરો આપવાનું છે.

ભવિષ્યમાં વૃધ્ધાશ્રમ, પર્યાવરણ, માનવ સેવા, જીવદયા સહિતની સુપ્રવૃત્તિઓનું સેવાકીય વ્યાપ સમાજની જરૂરિયાત મુજબ વધશે. વર્ષે લાખો લોકો, યાત્રાળુઓ દેશ વિદેશમાંથી મુલાકાત લેશે. ભજન-ભોજન-સેવાનો ત્રિવેણી સંગમ સર્જાશે. સ્વસ્થ, સુદ્રઢ, સેવામય સમાજનું નિર્માણ કરવામાં સહભાગી બનશે સદભાવના ધામ, સમગ્ર ભારતમાં બીમાર, વયોવૃધ્ધ, અશકત, લાચાર, પથારવિશ, અબોલ જીવો કે પછી દર્દીનારાયણ- દરિદ્રનારાયણને શાતા પહોંચાડવા સતત પરિણામલક્ષી કામગીરી કરશે સદભાવના ધામ. જોવા લાયક, જાણવા લાયક, જીવનમાં ઉતારવા લાયક સેવાતીર્થ બનશે સદભાવના ધામ.

બાબરા પંથકમાં ૦ થી ૫ વર્ષના બાળકોનું પોલિયો રસીકરણ થયું

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૯

બાબરા તેમજ તાલુકાના ખાખરીયા ગામે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયાના બે ટીપા પીવડાવી સરપંચ વિપુલભાઈ કાચેલા એ પોલીયો બુથનો આરંભ કરાવ્યો હતો. જેમાં ઉપસ્થિત CHO આશિષભાઈ હરિયાણી, FHW ધારાબેન બફલીપરા, અશાવર્કર બહેનો કંચનબેન નાગલા, ઉર્મિલાબેન મૈયાત્રા હાજર રહ્યા હતા.

તો બાબરા શહેરમાં પણ તમામ આંગણવાડી ખાતે પોલિયોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આગામી દિવસોમાં ડોર ટુ ડોર જઈને કોઈ બાળક પોલિયોનાં ટીપાં પીધા વગર ન રહે તેવી તકેદારી રાખી બાળકોનાં ઘર સુધી સ્ટાફ પહોંચ છે.

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
હોન્ડા CD110
કિંમત રૂા. 69,761/-* થી શરૂ
Honda Shield 3+3 years warranty
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
ઓથો. ડિલર
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

મહાકાલી જયોતિષ
જયોતિષ વિદ્યાનો ચમત્કાર
LOVE GURU
- ૧૦૦% ચેલેન્જથી કામ
- હસ્તરેખા, લગ્નમાં વિલંબ
- લવ પ્રોબ્લમ, લવ મેરેજ, આકર્ષણ પ્રયોગ
- મેલી વસ્તુ મુક્તિ, ગ્રહકલેશ
- નોકરીમાં પ્રમોશન, લક્ષ્મીબંધન
- ગુપ્ત ધનનાં ખાસ જાણકાર
- એક તરફી પ્રેમ, પ્રેમીપ્રેમીકા વશ
- પ્રેમમાં દગો, ધારેલી વ્યકિતનું મિલન
- મહામોહીની ઈચ્છાધારી વશીકરણ
- શત્રુનાશ, છુટાછેડા, સૌતન મુકિત

મારે ત્યાંથી નીરાશ થશો નહીં
જીવનનાં કોઈપણ કાર્યનાં નિવારણ માટે ભાઈઓ-બહેનો વિશ્વાસથી મળો
૯૭૩૭૩ ૩૦૭૯૮
વાત ગુપ્ત રહેશે
ઘરબેઠા સચોટ કામ

"કોમર્સ એટલે એકલવ્ય અને એકલવ્ય એટલે કોમર્સ"
એકલવ્ય
ડિઝીટલ કોમર્સ
કોમર્સ
100% કોમર્સ
ધોરણ 11 - 12 કોમર્સ ગુજરાતી માધ્યમ
અમરેલી જીલ્લામા સૌ પ્રથમ સ્માર્ટ બોર્ડ દ્વારા એજ્યુકેશન આપતી એક માત્ર કોમર્સ સ્કુલ
મર્યાદિત જ એડમિશન બાકી હોય તાત્કાલિક સંપર્ક કરો.
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર
અમરેલી - 365601
Mo.9106634426 / 9979449649

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
GO BIG GO XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

દેશના પાટનગર અને એનસીઆરમાં ભારે પવન સાથે વરસાદ

દેશના અનેક રાજ્યોમાં સપ્તાહ સુધી વરસાદી માહોલની આગાહી

રાજસ્થાન, પંજાબ, મધ્યપ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને આંદામાન અને નિકોબાર ટાપુઓના ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના

નવી દિલ્હી, તા.૨૯

દેશની રાજધાની દિલ્હી અને એનસીઆરમાં સોમવારે હવામાનમાં પલટો આવ્યો છે. બપોર પછી દિલ્હી-એનસીઆરના ઘણા વિસ્તારોમાં ભારે પવન સાથે હળવો વરસાદ શરૂ થયો હતો. હવામાન વિભાગે રાજસ્થાન, પંજાબ સહિત ભારતના કેટલાક રાજ્યોમાં વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી થોડા સમય દરમિયાન રાજસ્થાન, પંજાબ, મધ્યપ્રદેશ, જમ્મુ અને કાશ્મીર અને આંદામાન અને નિકોબાર ટાપુઓના ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

આ ઉપરાંત રાજસ્થાનના બીકાનેર, બુંદી, સવાઈ માધોપુર, જેસલમેર, જોધપુર, જયપુર, દૌસા, કરૌલી અને રાજસ્થાનઅને મધ્યપ્રદેશના ટોંક, રાજગઢ, વિદિશા, ભોપાલ, હરદા, બેતુલ, સાગર, રાઈસિન સિહોરમાં વરસાદની સંભાવના છે. ખાસ વાત એ છે કે દિલ્હી એનસીઆરસહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં આગામી સપ્તાહમાં પણ વરસાદી માહોલ જારી રહેશે.

આગામી ત્રણ દિવસ દરમિયાન ભારે પવન સાથે હળવાથી ભારે વરસાદની શક્યતા છે. હિમાચલમાં ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના ઉચ્ચ વિસ્તારોમાં હિમવર્ષા, જ્યારે અન્ય વિસ્તારોમાં કરા અને વરસાદની શક્યતા છે. આગામી ત્રણ દિવસ સુધી આવી જ સ્થિતિની અપેક્ષા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર યુપીમાં વાદળછાયા વાતાવરણને કારણે લોકોને ગરમીથી રાહત મળશે. આગામી પાંચ દિવસ દરમિયાન આકાશ વાદળછાયું રહેવાની સંભાવના છે. બીજી તરફ બિહારમાં એક-બે જગ્યાએ હળવા વરસાદની શક્યતા છે. આ ઉપરાંત આગામી પાંચ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે.

મોદીની નાની, નહેરૂની મોટી પ્રતિમાનો ફોટો વાયરલ

નરેન્દ્ર મોદી જવાહરલાલ નહેરૂ સુધી નહીં પહોંચી શકે : કોંગ્રેસ

કોંગ્રેસના ટ્વીટને કારણે કોંગ્રેસ-ભાજપ વચ્ચે નવો વિવાદ

નવી દિલ્હી, તા.૨૯

નવા સંસદ ભવનના ઉદઘાટનનો બહિષ્કાર કરનારા ૨૦ વિરોધી પક્ષમાંથી એક એવા કોંગ્રેસે હવે ફરી એકવાર વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાનો સાધ્યો છે.

કોંગ્રેસ દ્વારા એક ફોટો ટ્વીટ કરવામાં આવ્યો છે. જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નાની પ્રતિમા છે અને એની બાજુમાં પંડિત જવાહરલાલ નેહરુની એક ઉંચી પ્રતિમા બતાવવામાં આવી છે. આ ફોટો શેર કરી કોંગ્રેસ દ્વારા નરેન્દ્ર મોદી ક્યારેય નેહરુના કદ સુધી પહોંચી શકશે નહીં તેમ માર્મીક રીતે કહેવાયું છે. કોંગ્રેસના આ ટ્વીટને કારણે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે નવો વિવાદ ઊભો થયો છે

હાલમાં જ થયેલ નવા સંસદ ભવનના ઉદઘાટનનો ૨૦ જેટલા વિરોધી પક્ષ દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો હતો. આ અંગે વિપક્ષઓએ ભાજપ પર સતત શાબ્દિક પ્રહાર કર્યા છે. ત્યારે હવે નેહરુ –મોદી મુદ્દે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે નવું ટ્વીટર યુદ્ધ શરુ થયું છે. કોંગ્રેસ દ્વારા મોદી ક્યારેય નેહરુની ઉંચાઈ સુધી પહોંચી નહીં શકે તેવો એક સાંકેતીક ફોટો ટ્વીટર પર પોસ્ટ કરવામાં આવ્યો છે. તથા કીતની ભી કોશીશ કરલોપ એવી કેપ્શન આપવામાં આવી છે. કોંગ્રેસના આ ટ્વીટનો જવાબ આપતાં ભાજપ દ્વારા પણ એક ફોટો ટ્વીટ કરવામાં આવ્યો છે. ભાજપના આ ટ્વીટમાં જવાહરલાલ નેહરુનો કેમેરા સાથેનો ફોટો શેર કકવામાં આવ્યો છે. જેને નેહરુનું સત્ય એવી કેપ્શન આપવામાં આવી છે. આ ફોટોમાં જવાહરલાલ નેહરુ એક કેમેરા સામે ઊભા છે. જેમાં કેમેરાનો આખો ફોકસ નેહરુ પર છે. ઉપરાંત ફોટો પર રીલ અને રિયલ એવા શબ્દો પણ લખેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે નવા સંસદ ભવનના ઉદઘાટન સમારંભનો બિહષ્કાર કરી અનેક વિરોધી પક્ષોએ આ લોકશાહીનો ઘોર અપમાન છે એમ કહ્યું હતું. નવા સંસદ ભવનના ઉદઘાટન સમારંભનો બહિષ્કાર કરનારા તમામ વિરોધી પક્ષોએ એક સંયુક્ત નિવેદનમાં કહ્યું હતું કે, નવું સંસદ ભવન જેમના માટે બનાવવામાં આવ્યું છે તેમની કોઈ પણ સલાહ ન લેતા બાંધવામાં આવ્યું છે. લોકશાહીનો આત્મા સંસદમાંથી બહાર કાઢવાનો આ પ્રયાસ છે. અમે નવા કરતાં જૂનું સંસદ ભવન જ પ્રિય છે. અમે નવા સંસદ ભવનના ઉદઘાટનનો બહિષ્કાર કરવાનો અમારો સામૂહિક નિર્ણય છે. આ વિવાદ વચ્ચે કોંગ્રેસ દ્વારા હવે નહેરુ-મોદી અંગે નવો વિવાદ ઊભો કરતાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ટ્વીટર યુદ્ધ શરુ થઈ ગયું છે.

ઈસરોની વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ

ઈસરોએ નેવિગેશન સેટેલાઈટ NVS-1 સફળતાપૂર્વક લોન્ચ કર્યું

૨૨૩૨ કિલોના ઉપગ્રહે શ્રીહરિકોટામાં સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્રમાં બીજા લોન્ચ પેડથી જિયોસિંક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલની મદદથી ઉડાન ભરી

શ્રીહરિકોટા, તા.૨૯

પૃથ્વીથી લઈને અંતરિક્ષ સુધી ભારતે અનેક સિદ્ધિઓ હાંસલ કરેલી છે. સોમવારે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા એટલે કે, ઈસરોએ નેવિગેશન સેટેલાઈટ એનવીએસ-૧ સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે. આ સ્પેસક્રાફ્ટ નેવિગેશન વિથ ઈન્ડિયન કોન્સ્ટેલેશન સીરિઝનો એક ભાગ છે. ઈસરોઆના દ્વારા મોનિટરિંગ અને નેવિગેશનના ક્ષેત્રમાં ક્ષમતા વધારવા માંગે છે. ૨૨૩૨ કિલોગ્રામનો ઉપગ્રહ (જીએસએલવી) શ્રીહરિકોટામાં સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્રમાં બીજા લૉન્ચ પેડથી જિયોસિંક્રોનસ સેટેલાઈટ લૉન્ચ વ્હીકલની મદદથી ઉડાન ભરી હતી.

તમે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે ગુગલમેપ કે એપલમેપનો ઉપયોગ તો કરતા જ હશો. તેને ગ્લોબલ પોજિશનિંગ સિસ્ટમ (જીપીએસ) કહેવાય છે, જે એક મફત સેવા છે. આ અમેરિકી સરકાર દ્વારા ઑર્બિટમાં ઉપગ્રહોની એક સીરીઝ મારફતે પ્રદાન કરવામાં આવે છે. હકીકતમાં, એનએવીઆઈસી, જીપીએસને ભારતનો જવાબ છે. એનએવીઆઈસીઈસરો દ્વારા વિકસિત એક પ્રાદેશિક નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ છે જે ભ્રમણકક્ષામાં સાત ઉપગ્રહોનો એક સમૂહ છે, જે ગ્રાઉન્ડ સ્ટેશનો સાથે મળીને કામ કરે છે. આ નેટવર્ક સામાન્ય ઉપયોગકર્તાઓ અને સામરિક ઉપયોગકર્તાઓ એટલે સશસ્ત્ર દળો બંન્ને માટે નૌવહન સેવાઓ પ્રદાન કરે છે.

સારી સ્થિતિ, નેવિગેશન અને ટાઈમિંગ માટે દેશમાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રની વધતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી પ્રણાલી વિકસિત કરવામાં આવી છે. તેના નેટવર્કમાં આખા ભારત અને ભારતીય સરહદથી ૧૫૦૦ કિમી સુધીના વિસ્તાર સામેલ છે. તેને એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે કે, સિગ્નલ ૨૦ મીટર કરતાં વધુ સારી રીતે યુઝર પોઝિશનની ચોક્સાઈ અને ૫૦ નેનોસેકન્ડ કરતાં વધુ સારી સમયની ચોકસાઈ પ્રદાન કરવા માટે રચાયેલા છે. સિસ્ટમનો ઉપયોગ ભૂમિગત, હવાઈ અને દરિયાઈ પરિવહન, લોકેશન-આધારિત સેવાઓ, વ્યક્તિગત ગતિશીલતા, સંસાધન દેખરેખ, સર્વેક્ષણ અને ભૂગણિત, વૈજ્ઞાનિક અનુસંધાન, સમય પ્રસાર અને જીવન સલામતી ચેતવણીના પ્રસારમાં કરવામાં આવે છે. ઈસરોની આ એનએવીઆઈસી સીરિઝની ઉડાન છે. આ ઉપગ્રહ દેશની નેવિગેશન ક્ષમતાઓમાં વધારો કરશે. આનાથઈ નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે નેવિગેશન પ્રણાવી વધુ સટીક બનશે. અંતરિક્ષ એજન્સીના જણાવ્યા મુજબ, વૈજ્ઞાનિક પહેલાં તારીખ અને સ્થળ નિર્ધારિત કરવા માટે આયત કરવામાં આવેલી રુબિડિયમ પરમાણુ ઘડીયાળનો ઉપયોગ કરતા હતા.હવે ઉપગ્રહમાં અમદાવાદ સ્થિત અંતરિક્ષ અનુપ્રયોગ કેન્દ્ર દ્વારા વિકસિત રુબિડિયમ પરમાણુ ઘડીયાળ પણ લાગેલી છે. આ એક મહત્વપૂર્ણ ટેકનોલોજી છે કે કેટલાંક દેશો પાસે જ છે. ઈસરોએ કહ્યું કે, સોમવારે મિશનવ સ્વદેશી ક્રાયોજોનિક ચરણની સાથે જીએસએલવીનું છઠ્ઠુ પરિચાલન ઉડાન છે. એક મહિાની અંદર ઈસરોની આ બીજી અને વર્ષની પાંચમી ઉડાન છે. આ પહેલાં ઈસરોએ એપ્રિલ મહિનામાં પીએસએલવીનું સફળ લોન્ચિંગ કર્યુ હતુ. આ રોકેટ પોતાની સાથે સિંગાપુરના બે ઉપગ્રહોને લઈને ગયું હતું.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ માહિતી આપી

આસામ, મેઘાલય, ઉત્તરાખંડમાં ૪.૪ની તિવ્રતાનો આવેલો ભૂકંપ

નવી દિલ્હી, તા.૨૯

આસામ, મેઘાલય અને ઉત્તરાખંડમા સવારના સમયે ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ફફટાડ ફેલાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર સોમવારે સવારે તેજપુરની નજીકમાં રિક્ટર સ્કેલ પર ૪.૪ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જોકે અત્યાર સુધી કોઈ મોટી જાનહાનિના અહેવાલ સામે આવ્યા નથી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું કે સોમવારે સવારે આસામના સોનિતપુરમાં ૪.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપના આંચકા સવારે ૮:૦૩ વાગ્યે અનુભવાયા હતા. જોકે અહીં પણ કોઈ મોટી જાનહાનિના અહેવાલ સામે આવ્યા નથી.

પતિ-પત્નીના અલગ થયા બાદ ભરણપોષણ પર ચુકાદો

પતિ કરતા વધુ કમાય તો પત્નીને ભરણપોષણ ન મળી શકે : કોર્ટ

મહિલાની આવક તેના પૂર્વ પતિ કરતા ચાર લાખ વધુ હોઈ ટ્રાયલ કોર્ટના ચુકાદાને સેશન્સ કોર્ટે પણ યથાવત રાખ્યો

મુંબઈ, તા.૨૯

મુંબઈની એક સેશન્સ કોર્ટે પતિ-પત્નીના અલગ થયા બાદ ભરણપોષણના દાવાને લઈને મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે મહિલાને વચગાળાનું ભરણપોષણ આપવાના મામલે રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. ટ્રાયલ કોર્ટે આદેશ આપ્યો હતો કે મહિલા તેના પૂર્વ પતિ કરતા વધુ કમાય છે, તેથી તેને ભરણપોષણ મળશે નહીં. ટ્રાયલ કોર્ટના આદેશ બાદ મહિલાએ સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. સેશન્સ કોર્ટે પણ આ આદેશને યથાવત રાખ્યો છે. કોર્ટે કહ્યું કે મહિલાની આવક તેના પૂર્વ પતિ કરતા ચાર લાખ રૂપિયા વધુ છે. આ મામલે સુનાવણી કરતા જસ્ટીસ સીવી પાટિલે જણાવ્યું કે, આ કેસમાં મેજિસ્ટ્રેટ કોર્ટે જે નિર્ણય કર્યો છે તે પરિસ્થિતિઓને જોતા બરાબર છે, કોર્ટે કહ્યું કે, મહિલાની ઈનકમ તેના પૂર્વ પતિ કરતા ૪ લાખ રૂપિયા વધારે છે. ઉલ્લેખનીય છે કે, મહિલાએ વર્ષ ૨૦૨૧માં પતિ અને સાસરિયાઓ સામે ઘરેલું હિંસાનો કેસ કર્યો હતો. જેમાં તેણે જણાવ્યું હતું કે, બાળકના જન્મ બાદ તેને બળજબરીથી પિયર મોકલી દેવામાં આવી હતી. ત્યારબાદ કોર્ટે પતિને માસિક ૧૦૦૦૦ રૂપિયા ભરણપોષણ આપવાનો આદેશ કર્યો હતો, જેથી બાળકનો ઉછેર થઈ શકે.

મહિલાએ કોર્ટમાં જણાવ્યું કે જ્યારે તે ગર્ભવતી થઈ ત્યારે તે તેના પતિ સાથે રહેતી હતી. તેણે એમ પણ કહ્યું કે તેના પતિની જાતીય તકલીફ માટે સારવાર કરવામાં આવી રહી છે, પરંતુ તેણે તે જાહેર કર્યું નથી. જ્યારે તેના પતિ અને સંબંધીઓને તેણીની ગર્ભાવસ્થા વિશે જાણ થઈ, ત્યારે તેઓએ તેના ચારિત્ર્ય પર શંકા કરી હતી. ટ્રાયલ કોર્ટના આદેશ બાદ મહિલાએ સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે કહ્યું કે એ વાત સાચી છે કે કમાણી કરનાર મહિલાને પણ ભરણપોષણ મળવું જોઈએ, પરંતુ આ કેસમાં સંજોગોને ધ્યાનમાં લેવું ખૂબ જ જરૂરી છે.

જો મહિલા તેના પૂર્વ પતિ કરતા વધુ કમાતી હોય તો તેને ભરણપોષણની જરૂર નથી. બીજી તરફ પતિ વધુ કમાતો હોય તો પણ સંજોગો જોવું જરૂરી છે. ન્યાયાધીશે એમ પણ કહ્યું કે ઘરેલું હિંસા અધિનિયમ હેઠળ રેકોર્ડ પર ઉપલબ્ધ સામગ્રીના આધારે જ પ્રારંભિક તબક્કે વચગાળાનો આદેશ પસાર કરવો જરૂરી છે. આ તબક્કે વિગતોમાં જવું જરૂરી નથી. તેથી કેસની હકીકતોને ધ્યાનમાં લઈને મેજિસ્ટ્રેટે બાળકને ભરણપોષણ મંજૂર કર્યું. પક્ષકારો વચ્ચેના સંજોગો અને તથ્યોને ધ્યાનમાં લેતા આ તબક્કે બાળકની કાયદેસરતા વિશે મેજિસ્ટ્રેટના અવલોકનો કાયદેસર અને યોગ્ય છે તેવું ન્યાયાધીશે જણાવ્યું હતું. મેજિસ્ટ્રેટ કોર્ટના નવેમ્બર ૨૦૨૨ના આદેશ બાદ પતિ-પત્ની બંનેએ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જેમાં પતિએ પોતાના અને બાળક માટે ભરણપોષણ વધારવાની માંગ કરી. જો કે, પતિએ બાળકના પિતા હોવાનો ઈનકાર કર્યો હતો.

ધીરેન્દ્ર શાસ્ત્રી સાથે લગ્નને લઈને કથાવાચકે મૌન તોડ્યું

મને નથી ખબર કે લગ્ન ક્યારે થશે, બાગેશ્વરને ક્યારેય મળી નથી : જયા કિશોરી

નવી દિલ્હી, તા.૨૯

લોકપ્રિય યુવા કથાવાચક જયા કિશોરીને લોકો મોટિવેશનલ સ્પીકર તરીકે ઓળખે છે. તેમને મોટી સંસ્થાઓ તરફથી આમંત્રણ આપવામાં આવે છે. તેનો દરેક યુટ્યુબ વીડિયો પર લાખોની સંખ્યામાં વ્યુવ્સ આવે છે. જયા તેના લગ્નને લઈને પણ ઘણી ચર્ચામાં રહે છે. હાલમાં જ જયા કિશોરીનું નામ બાગેશ્વર ધામના પીઠાધીશ ધીરેન્દ્ર શાસ્ત્રી સાથે જોડવામાં આવ્યું હતું, ત્યાર બાદ બંનેના લગ્નની પણ ચર્ચાઓ શરૂ થઈ હતી. જો કે બાદમાં તે માત્ર અફવા હોવાનું બહાર આવ્યું હતું. હવે જયા કિશોરીએ પોતાના લગ્ન અને બાગેશ્વર બાબા સાથેના સંબંધ પર મૌન તોડ્યું છે. એક ચેનલ સાથે વાતચીત દરમિયાન જયા કિશોરીએ લગ્ન પર ખુલીને વાત કરી હતી. તેને પૂછવામાં આવ્યું કે લોકો જાણવા માંગે છે કે તેનો બોયફ્રેન્ડ કોણ છે? આ અંગે જયા કિશોરીએ કહ્યું કે એક ઉંમર પછી લગ્ન માટે સમાજનું પ્રેશર વધી જાય છે. જ્યારે કોઈ ગમતું હોય ત્યારે પોતાની વાત સામે રાખવામાં કશું ખોટું નથી. પરંતુ હવે પ્રેશર વધી ગયું છે. મેં આ વિશે એમ પણ કહ્યું હતું કે પહેલા મને લાગતું હતું કે મારે લગ્ન કરવા જોઈએ, પરંતુ હવે નથી લાગતું કે કરવા જોઈએ. લગ્ન માટે પુછાતા સવાલો હવે મને પરેશાન કરવા લાગ્યા છે. મને ખબર નથી કે મારા લગ્ન ક્યારે થશે. હાલ એવો કોઈ પ્લાન નથી. હાલ મારી પાસે આ માટે સમય નથી. બોયફ્રેન્ડ વિશે સવાલ પૂછતાં કિશોરીએ કહ્યું કે મારી પાસે આ બધા માટે સમય નથી. મને લવ મેરેજ કે એરેન્જડ મેરેજથી કોઈ વાંધો નથી. મેં કંઈ પ્લાન નથી કર્યું. મારા પરિવાર તરફથી પણ મારા પર કોઈ પ્રેશર નથી. બાગેશ્વર બાબા સાથે નામ જોડવા પર જયા કિશોરીએ કહ્યું કે તેમાં કોઈ સત્ય નથી. હું તો તેમને ક્યારેય મળી પણ નથી. અચાનક મને સમાચાર મળ્યા કે મારા વિશે આવી વાતો થઈ રહી છે. જ્યાં સુધી સત્ય ખબર ન પડે ત્યાં સુધી લોકોએ તેના વિશે વાત ન કરવી જોઈએ. આ બધું ખોટું છે. આવી વાતોથી ભલે મને ફર્ક નથી પડતો, મને વાંધો નથી, પરંતુ એક સામાન્ય છોકરીને આનાથી ઘણો ફર્ક પડશે. મેં અગાઉ પણ કહ્યું હતું કે હું જયારે લગ્ન કરીશ ત્યારે બધાને જણાવવામાં આવશે.

વૈશ્વિક બજારમાં સકારાત્મક સંકેતોથી તેજી

સેન્સેક્સમાં ૩૪૫, નિફ્ટીમાં ૯૯ પોઈન્ટનો ઊછાળો જોવાયો

મુંબઈ, તા.૨૯

વૈશ્વિક બજારમાં સકારાત્મક સંકેતો વચ્ચે સોમવારે સ્થાનિક શેરબજાર તેજી સાથે બંધ થયું હતું. બીએસઈસેન્સેક્સ ૩૪૪.૬૯ પોઈન્ટ એટલે કે ૦.૫૫ ટકાના વધારા સાથે ૬૨,૮૪૬.૩૮ પોઈન્ટના સ્તર પર બંધ થયો હતો.

એ જ રીતે, એનએસઈનિફ્ટી ૯૯.૩૦ પોઈન્ટ્સ અથવા ૦.૫૪ ટકાના વધારા સાથે ૧૮,૫૯૮.૬૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આઈટી અને ઓઈલ એન્ડ ગેસ સિવાય અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયા છે. મેટલ ઈન્ડેક્સ એક ટકા વધીને બંધ રહ્યો હતો. બીએસઈમિડકેપ ઈન્ડેક્સ ૦.૪ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૩ ટકાના વધારા સાથે બંધ થયા છે.

સોમવારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં બીએસઈસેન્સેક્સ પર સૌથી વધુ ૩.૭૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. આ સિવાય ટાઈટનનો શેર ૨.૪૮ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એ જ રીતે ટાટા સ્ટીલ, એસબીઆઈ, એચડીએફસી, અલ્ટ્રાટેક સિમેન્ટ, ઈન્ડસઈન્ડ બેંક, આઈટીસી, એચડીએફસી બેંક, એનટીપીસી, બજાજ ફિનસર્વ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટાટા મોટર્સ અને લાર્સન એન્ડ ટુબ્રો અને એક્સિસ બેંક ઉછાળા સાથે બંધ થયા હતા. એચસીએલ ટેક, પાવરગ્રીડ, મારુતિ, વિપ્રો, ટીસીએસ, સન ફાર્મા, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ અને ટેક મહિન્દ્રા સેન્સેક્સ પર વધ્યા. (ટેક મહિન્દ્રા) ના શેર લાલ નિશાન સાથે બંધ થયા. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે સ્થાનિક બેન્ચમાર્કમાં મજબૂત તેજી અને મજબૂત વૈશ્વિક સંકેતો અને નક્કર આર્થિક વૃદ્ધિની અપેક્ષાએ સ્ટોક એક્સચેન્જને તેમના જીવનકાળની ઉચ્ચ સપાટીની નજીક ધકેલી દીધા છે. યુએસ નેતાઓ દ્વારા યુએસ દેવાની મર્યાદા વધારવા માટે આપવામાં આવેલી સૈદ્ધાંતિક મંજૂરી બાદ વૈશ્વિક રોકાણકારો આશાવાદી દેખાઈ રહ્યા છે.

કાર્યક્રમ સ્થળ પર પાણી ભરાઈ જતા સ્થળ બદલાયુ

વટવા ખાતે શ્રીરામ મેદાનમાં સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાકે બાબા બાગેશ્વરનો દરબાર યોજાશે

વરસાદ વેરી બનતા અમદાવાદમાં ધીરેન્દ્ર શાસ્ત્રીનો પ્રોગ્રામ કેન્સલ કરવાની નોબત આવી હતી

અમદાવાદ, તા.૨૯

અમદાવાદમાં ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબારને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વરસાદના કારણે ધીરેન્દ્ર શાસ્ત્રીનો આવતીકાલનો દિવ્ય દરબાર રદ કરાયો હતો, દિવ્ય દરબારના સ્થળે પાણી ભરાતા કાર્યક્રમ રદ કરાયો હતો. જે બાદ કાર્યક્રમ સ્થળ બદલી ઓગણજની જગ્યા વટવામાં દિવ્ય દરબાર યોજાશે અને વટવા ખાતે શ્રીરામ મેદાનમાં બાબા બાગેશ્વરનો દરબાર ભરાશે.

ધીરેન્દ્ર શાસ્ત્રીનો અમદાવાદના વટવામાં દિવ્ય દરબાર યોજાશે, આવતી કાલે સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાકે દરમિયાન દિવ્ય દરબાર યોજાશે. બાગેશ્વર સરકાર તરીકે ઓળખાતા બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી છેલ્લા ૩-૪ દિવસથી ગુજરાતની મુલાકાતે આવ્યા છે. આ દરમિયાન તેઓ અમદાવાદ, સુરત સહિતના જુદા જુદા સ્થળોએ દરબાર યોજી રહ્યા છે. ત્યારે ગઈકાલે વરસાદ વેરી બનતા અમદાવાદમાં ધીરેન્દ્ર શાસ્ત્રીનો પ્રોગ્રામ કેન્સલ કરવાની નોબત આવી હતી.અમદાવાદના ઓગણજ ખાતે ૨૯ અને ૩૦ મેના રોજ બાબા બાગેશ્વરનો દિવ્ય દરબાર યોજાવાનો હતો પરંતુ કાર્યક્રમ સ્થળ પર પાણી ભરાઈ જતા ત્યાં આજનો કાર્યક્રમ રદ કરાયો હતો જ્યારે આવતીકાલનો કાર્યક્રમ સથળ બદલીને વટવા રાખવામાં આવ્યો છે. અમદાવાદમાં બાબા બાગેશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબારના સ્થળને લઈને આયોજકો અસમંજસમાં હતા. બાદમાં હવે આયોજકોએ ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર ઓગણજ પાસે યોજાવાનો આયોજન કર્યું હતું. પ્રમુખ સ્વામી મહોત્સવ જે સ્થળે યોજાયો હતો તે જ સ્થળે ધીરેન્દ્ર શાસ્ત્રીને દિવ્ય દરબાર માટે જગ્યા ફાળવવામાં આવી હતી. મહત્વનું છે કે બાગેશ્વર ધામ સરકારના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનો સુરત બાદ ૨૯ અને ૩૦ મેના રોજ અમદાવાદમાં ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય ભરાવાનો હતો. જે બાદ વરસાદ વિલન બનતા કાર્યક્રમ સ્થળ પર પાણી ભરાઈ જતા સ્થળ બદલી વટવામાં રાખવામા આવ્યું છે.

આઈપીએલની ફાઈનલ રવિવારે ધોવાઈ ગઈ

ફિક્સિંગ ? મેચ પૂરી થાય એ પહેલાં ચેન્નાઈ રનર્સઅપ!

રવિવારની ટાઈટલ મેચની શરૂઆત પહેલા સ્ટેડિયમની એક તસવીર સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ

અમદાવાદ, તા.૨૯

આઈપીએલ ૨૦૨૩ની ફાઈનલ મેચ ગઈકાલે યોજાવાની હતી, પરંતુ વરસાદ પડવાના કારણે આખી મેચ ધોવાઈ ગઈ હતી. ટોસ પણ થઈ શક્યો ન હતો. હવે આ ફાઈનલ મેચનો નિર્ણય રિઝર્વ ડે પર થશે. આ ફાઈનલ મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવાની છે. ધોનીની નજર પાંચમી આઈપીએલટ્રોફી જીતવા પર હશે જ્યારે પંડ્યા પલ્ટન તેમના ટાઈટલને બચાવવા માટે મેદાનમાં ઉતરશે. ટાઈટલ મેચની શરૂઆત પહેલા સ્ટેડિયમની એક તસવીર સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે, જેણે આઈપીએલચાહકોમાં હલચલ મચાવી દીધી છે. સ્ટેડિયમમાં લાગેલી મોટી સ્ક્રીનનો ફોટો વાયરલ થાય છે, જેના પર 'રનરઅપ ચેન્નાઈ સુપર કિંગ્સ' એવું લખેલું હતું. આ ફોટો સામે આવ્યા બાદ લોકો અલગ-અલગ પ્રતિક્રિયા આપી રહ્યા છે. જ્યારે ઘણા લોકો ફાઈનલ પર સવાલ ઉઠાવી રહ્યા છે, તો કેટલાકે ફની રીતે પ્રતિક્રિયા આપી છે. એક યુઝરે લખ્યું, "ફાઈનલ ફિક્સ છે કારણ કે સીએસકેરનર-અપ રહેશે." અન્ય યુઝરે કોમેન્ટ કરી, "એવું લાગે છે કે જ્યારે તમે ટ્રેલરની જગ્યાએ ભૂલથી ફિલ્મનો ક્લાઈમેક્સ અપલોડ કરો છો." તમને જણાવી દઈએ કે, આઈપીએલના મેચને લઈ વાયરલ થયેલી આ ફોટો સ્ક્રીન ટેસ્ટિંગ દરમિયાન લેવામાં આવેલો છે. આ બંને ટીમો સાથે કરવામાં આવે છે જેથી પછીથી કોઈ ભૂલ ન થાય. જોકે, માત્ર સીએસકેની ટીમને લઈ જ આ ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થયેલો છે. આઈપીએલ ૨૦૨૨માં ચેન્નાઈનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું અને તે નવમા સ્થાને રહી હતી. પરંતુ સીએસકેએ ૧૬મી સિઝનમાં ગજબ પ્રદર્શન કર્યું છે અને ફાઈનલમાં પ્રથમ પ્રવેશ કર્યો હતો. જો સીએસકેગુજરાતને હરાવવામાં સફળ થાય છે, તો સૌથી વધુ ટાઈટલ જીતવાની બાબતમાં મુંબઈની બરાબરી કરી લેશે. મુંબઈ હાલમાં ૫ ટ્રોફી જીતનારી એકમાત્ર ટીમ છે. બીજી તરફ જો ગુજરાત ફાઈનલ જીતશે તો તે ટાઈટલનો બચાવ કરનારી આ ત્રીજી ટીમ બની જશે. આ પહેલા ચેન્નાઈ અને મુંબઈ આ કારનામું કરી ચૂકી છે.

ગાંધીધામ, કંડલા, ભુજમાં વરસાદી માહોલ

કચ્છમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબક્યો

કચ્છ, તા.૨૯

કચ્છ જિલ્લામાં ભારે પવન સાથે ધોધમાર વરસાદની ફરી શરૂઆત થઈ છે. વિવિધ વિસ્તારોમાં ફરી પવન સાથે વરસાદ ખબક્યો છે. કચ્છના ગાંધીધામ, કંડલા, ભુજ સહિતના વિસ્તરઓમાં વરસાદી માહોલ જામ્યો છે. ભુજના વેકરિયા રણ વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. તો મોખાણા વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

મહત્વપૂર્ણ છે કે કચ્છમાં આગામી ત્રણ દિવસ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. આ સાથે કચ્છના અંજાર, આદિપુર, ગાંધીધામમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો છે.

અનેક જગ્યાએ વરસાદને પગલે નુકસાનીના દ્રશ્યો સામે આવ્યા છે. ભારે વરસાદને પગલે વીજપોલ ધરાશાયી થવાની ઘટના પણ સામે આવી છે. ક્યાક પાણીની ટાંકી હવામાં ઉડી, તો ક્યાક વૃક્ષો થયા ધરાશાયી થવાના બનાવો સામે આવ્યા છે. કેટલાંક વિસ્તારોમાં કરા પડ્યાના પણ સમાચાર સામે આવ્યા હતા.

રાજયમાં ઠેર ઠેર વરસાદની આગાહી અનુસાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે કચ્છમાં પણ આ પ્રમાણેનું વાતાવરણ સામે આવ્યું છે. વરસાદ વરસતા સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી છે. હજી પણ આગામી દિવસોમાં વરસાદ વરસવાની શક્યતા છે. વરસાદને કારણે ગામીમાં ઘટાડો થતાં લોકોને રાહત અનુભવાઈ છે.

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાનની મોટી જાહેરાત

બાંદ્રા-વર્સોવા સી લિન્કનું નામ સાવરકરના નામ ઉપર રખાશે

મુંબઈ, તા.૨૯

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ મોટી જાહેરાત કરતા કહ્યું કે મુંબઈના પશ્ચિમ ભાગમાં નિર્માણાધીન બાંદ્રા-વર્સોવા સી લિંકનું નામ હિન્દુત્વના વિચારક વીર સાવરકરના નામ પર રાખવામાં આવશે. શિંદેએ એમ પણ કહ્યું કે કેન્દ્રની જેમ જ રાજ્ય સરકાર અપાતા વીરતા પુરસ્કારનું નામ પણ સાવરકરના નામ પર રાખવામાં આવશે. નવી દિલ્હીમાં સાવરકરની જન્મજયંતિ પર પોતાના સંબોધનમાં શિંદેએ કહ્યું કે કેટલાક લોકો પોતાના સ્વાર્થ માટે જાણીજોઈને સાવરકરને બદનામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે આવા લોકોને ડર છે કે જો સાવરકરના વિચારો સમાજમાં લોકપ્રિય થશે તો તેમને પોતાની દુકાનો બંધ કરવી પડશે. શિંદેએ કહ્યું કે આ પહેલીવાર છે જ્યારે રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલા મહારાષ્ટ્ર ગૃહમાં સાવરકરની જન્મજયંતિ ઉજવવામાં આવી રહી છે. તેમણે કહ્યું, "સાવરકરના ટીકાકારો જાણે છે કે જો તેમના વિચારો સમાજમાં લોકપ્રિય થશે, તો તેમણે તેમની દુકાન બંધ કરવી પડશે. અંદાજ લગાવો કે તેઓ કેટલા ડરી ગયા છે કે સાવરકરના મૃત્યુના ૫૭ વર્ષ પછી પણ તેઓ તેમનો વિરોધ કરી રહ્યા છે." નાસિક જિલ્લામાં ૨૮ મે ૧૮૮૩ના રોજ જન્મેલા સાવરકરનું મૃત્યુ ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬ના રોજ થયું હતું. શિંદેએ કહ્યું, "બાંદ્રા-વર્સોવા સી લિંકનું નિર્માણાધીન સ્વતંત્રવીર સાવરકરના નામ પર રાખવામાં આવશે.

આયુષ્યમાન ભારત યોજના બની દર્દી માટે આશીર્વાદરૂપ

અમરેલીની નવજીવન જનરલ હોસ્પિટલમાં ૯૫ વર્ષના મહિલા વૃદ્ધ દર્દીને મળ્યું નવું જીવન

ઓર્થોપેડિક સર્જન ડો. યોગદીપસિંહ જાડેજા દ્વારા સફળ ઓપરેશન

અમરેલી, તા. ૨૯

નારણગઢ ગામના વતની લાભુબેન મનસુખભાઈ દવે(ઉ.વ.૯૫) પોતાના ઘરે પડી ડાબા પગના થાપાના ગોળાનું ફ્રેકચર થયું હતું. જેના લીધે વયોવૃદ્ધ મહિલા દર્દીને અસહ્ય દુઃખાવો હતો. ઉભા રહેવું કે ચાલવું પણ શકય ના હતું. જેથી દર્દીને સારવાર માટે અમરેલીની નવજીવન જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યાં હતા. જયાં હોસ્પિટલનાં ઓર્થોપેડિક સર્જન ડો. યોગદીપસિંહ જાડેજા દ્વારા તપાસ કરવામાં આવી હતી અને દર્દીને ડાબા પગના ગોળાનું ઓપરેશન કરવાની સલાહ આપવામાં આવી હતી. પરંતુ વયો વૃદ્ધ દર્દીની ઉંમર ૯૫ વર્ષ હોવાથી ઓપરેશન પણ ખુબ જ જોખમી હતું તથા મધ્યમ વર્ગ માટે ખર્ચની પણ ચિંતા હતી. પરંતુ ડો. જાડેજા દ્વારા ઓપરેશન માટે આશ્વાસન આપવામાં આવ્યું હતું તથા સરકારની આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત ઓપરેશન સંપૂર્ણ મફત કરવા માટે જરૂરી સલાહ, માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જેથી દર્દીના સગાઓ ખર્ચ માટે સંપૂર્ણ ચિંતામુકત રહ્યાં હતા. ત્યારબાદ દર્દીનું ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું અને થાપાનો સાંધો બદલવામાં આવ્યો હતો.(સીમેન્ટેડ મોડયુલર બીપોલર હેમી ઓર્થોરોપ્લેટી) ઓપરેશન બાદ દર્દીને પીડામાંથી મુકિત મળી હતી. અને ઓપરેશનનાં માત્ર ૫માં દિવસથી જ દર્દી પોતાની જાતે ચાલવા માટે સક્ષમ બન્યા હતા. આ ઓપરેશનની સફળતા બાદ દર્દી અને દર્દીના સગાઓ દ્વારા ડો. જાડેજા તથા હોસ્પિટલની સંપૂર્ણ ટીમનો આભાર વ્યકત કર્યો હતો અને આશીર્વાદ પણ આપ્યા હતા. ડો. યોગદીપસિંહ જાડેજા પોતાનો ઓર્થોપેડિક અભ્યાસ દિલ્હીની પ્રખ્યાત ઈન્સ્ટિટયુટ આઈએસઆઈસીમાંથી કર્યો છે તથા નવજીવન જનરલ હોસ્પિટલમાં ફૂલટાઈમ ઓર્થોપેડિક તરીકે સેવા આપી રહ્યાં છે. પોતાની આગવી ઓપરેશનની સુઝનાં લીધે અમરેલી જિલ્લાનાં ઘણા દર્દીઓને વિનામૂલ્યે ઓર્થોપેડિક ઓપરેશન કરીને પીડા મુકત કર્યા છે તથા નવજીવન આપ્યું છે. હોસ્પિટલમાં આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત તમામ ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવે છે.

સાવરકુંડલામાં પર્યાવરણ બચાવવા સાઈકલ રેલી યોજાઈ

સાવરકુંડલા, તા. ૨૯

સરકાર તરફથી ચાલતા મીશન લાઈફ અંતર્ગત એકશન પ્લાન ફોર ઈવેન્ટસ ટુ બી હેલ્ડ બીફોર ૫ જુન અન્વયે રોજીંદા જીવનમાં નજીવા ફેરફારોને ઓળખવા તથા આપણા પર્યાવરણને અનુકૂળ થઈ એને બચાવવા જાહેર જનતાને સંદેશ આપવા માટે સાવરકુંડલા નોર્મલ રેન્જ ગીર પુર્વ વન વિભાગ–ધારી તથા સહયોગી સંસ્થા વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સાવરકુંડલા શહેરનાં જાહેર રસ્તાઓ પર પર્યાવરણ બચાવવાના જાહેર સુત્રોચ્ચાર સાથે વિશાળ સાઈકલ રેલી યોજવામાં આવી હતી.

આ રેલીમાં નોર્મલ રેન્જના આર.એફ.ઓ પી. એન. ચાંદુ, વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટના મિત્રો, નોર્મલ રેન્જ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ સ્ટાફ તથા પર્યાવરણપ્રેમી ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ રેલીનું પ્રસ્થાન અમરેલી જીલ્લાના સાંસદ નારણભાઈ કાછડીયા તથા સાવરકુંડલા તાલુકાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તથા નિવૃત ડી.સી.એફ મુનિના હસ્તે કાર્યક્રમનું દીપ પ્રાગટય કરી લીલી ઝંડી આપી રેલીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

જાગૃત સરપંચની શ્રેષ્ઠ કામગીરી

ખાંભા : જે.એન. મહેતા હાઈસ્કુલનો માર્ગ બનાવવાનું શરૂ

૫૦ વર્ષના પ્રશ્નનો ઉકેલ

ખાંભા, તા.૨૯

ખાંભાની જે.એન.મહેતા, હાઈસ્કુલ બન્યાને ૫૦ વર્ષ બાદ સ્કુલમાં જવાનાં મુખ્ય રસ્તામાં ચોમાસા દરમિયાન કાદવ કિચડનો સામ્રાજય સ્થપાતા વિદ્યાર્થી ભાઈઓ–બહેનો ઘુટી બુડ કાદવમાંથી પસાર થવું પડતું હતું તે બાબત ખાંભાનાં યુવા સરપંચને ધ્યાને આવતા તેઓ દ્વારા પેવર બ્લોકનો રોડ બનાવવામાં આવ્યો.

૫૦ વર્ષ પહેલા બનેલી તાલુકાની એકમાત્ર જૈન મહેતા સ્કુલમાં મેઈન રોડથી જવાના મુખ્ય માર્ગ ઉપર રોડ ન હોવાથી ચોમાસામાં આ રોડ ઉપર ઘુટી બુડ કાદવમાં કપડા અને પગ બગાડી વિદ્યાર્થીભાઈ બહેનોને અભ્યાસ માટે જવાની ફરજ પડતી હતી. તે ખાંભાનાં નુતન યુવા મહિલા સરપંચ રીનાબેન બાબાભાઈ ખુમાણ દ્વારા બ્લોગ પેવરથી રોડ બનાવી વિદ્યાર્થી ભાઈ–બહેનો શિક્ષકો અને આશ્રમ પરનાં રહીશોનો વર્ષોથી અણઉકેલ રોડનાં પ્રશ્નોનું નિકાલ લાવતા લોકોમાં હર્ષ વ્યાપેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અનેક સરપંચો આવ્યા અને ગયા પરંતુ આ રોડ પ્રશ્ન કોઈ કાર્યવાહી ન કરતા ૫૦ વર્ષથી હાઈસ્કુલમાં જવાનાં મુખ્ય માર્ગ ઉપર ચોમાસા દરમિયાન કાદવ કિચડનું સામ્રાજય સર્જાતા વિદ્યાર્થીભાઈ બહેનો વેપારીઓ અને સ્થાનિક રહેશો ચોમાસા દરમિયાન ભારે હાલાકી ભોગવતા તે પ્રશ્નનો અડધી સદી બાદ ઉકેલ.

ચલાલા : ગાયત્રી વિદ્યાલયનાં ૩ બાળકો રાજયકક્ષાએ ભાગ લેશે

ચલાલા, તા. ૨૯

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં ત્રણ વિદ્યાર્થીઓ આપહેલા જીલ્લા લેવલની લેવાયેલી સ્ટેમ્પ કવીઝ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી ચમકયા હતા અને હવે ૩૦/૫/૨૩ની રાજયકક્ષાની સ્ટેમ્પ કવીઝમાં ભાગ લેવા જશે.

આ વિદ્યાર્થીઓને સંસ્થાના વડા પૂ. રતીદાદાએ સફળતા માટે આશીર્વાદ પાઠવ્યા.

રાજય લેવલ સુધી પહોંચી આ વિદ્યાર્થીઓએ ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ચલાલા અને સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યું.

ડીડી ૧૧ ગીરનાર ચેનલમાં

વંડાનાં કેળવણીકાર સુધીરભાઈ મહેતાનાં ટીવી કાર્યક્રમનું પ્રસારણ થશે

૧ લી જૂનનાં બપોરે ૧:૩૦ કલાકે કાર્યક્રમ

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાનાં વંડા ગામના વતની હાલ સાવરકુંડલા રહેતા નિવૃત પ્રાથમિક શાળાનાં આચાર્ય અને કેળવણીકાર લેખક(રાજય તથા રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડી ટીચર) સુધીરભાઈ મહેતાનાં ટી.વી કાર્યક્રમનું પ્રસારણ તારીખ ૧/૬/૨૦૨૩ ના રોજ બપોરે ૧:૩૦ કલાકે ડી.ડી. ૧૧ ગીરનાર ચેનલમાં કાર્યક્રમ દર્શાવાશે.

આ ટી.વી. કાર્યક્રમનું નામ '' આપણા મહેમાન'' છે. કાર્યક્રમનું નિર્માણ આસીફભાઈ ઠેબા કાર્યક્રમ નિર્માતા દ્વારા કરવામાં આવેલ છે.

ટેકનિકલ અધિકારી રાજકોટ દુરદર્શન કેન્દ્રના રામજીભાઈ વાલા તેમજ ટેકનીકલ સ્ટાફ પ્રશાંતભાઈ પરમાર, નરેશભાઈ સાપોવડિયા, પંકજભાઈ રાજપરા, અજીતભાઈ સમા, બરકતભાઈ મીરાણી, સહાયક મનહરભાઈ કણજારીયા, શૈલેષભાઈ દવે તેમજ જયદિપસિંહ જાડેજા, રીશી ત્રિવેદી, વિરમસિંહભાઈ ગોહિલ અને કાર્યક્રમ સંચાલન સુધીરભાઈ મહેતાની મુલાકાત લેનાર ગાર્ગીબેન નિમ્બાર્ક છે. કાર્યક્રમનું નિર્માણ નિર્માતા આસિફભાઈ ઠેબા દ્વારા કરવામાં આવેલ છે.

વિડિયોની સંગાથે પ્રસ્તુતી દૂરદર્શન કેન્દ્ર–રાજકોટ દ્વારા થયેલ છે. તેમજ મોબાઈલમાં યુ–ટયુબમાં કાર્યક્રમ નિહાળી શકાશે.

નાના એવા વંડા જેવા ગામડાના કર્મઠ શિક્ષક સુધીરભાઈ મહેતાની શિક્ષણયાત્રા તથા સાહિત્યયાત્રાનું દર્શન સૌ દર્શન કરતાઓને કાર્યક્રમ નિહાળનાર દર્શકોને પ્રેરણાત્મક બનશે.

અમરેલીનાં એડવોકેટ રશ્મિન ત્રિવેદીનો આજે જન્મદિવસ

અમરેલી, તા. ૨૯, અમરેલીનાં જાણીતા એડવોકેટ રશ્મિકાંત બી. ત્રિવેદીનો આજે જન્મદિવસ હોય તેઓ ૬૯ વર્ષ પૂર્ણ કરી ૭૦માં વર્ષમાં પ્રવેશ કરતા તેઓને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. તેઓ ભાજપનાં સક્રિય સભ્ય તેમજ અમરેલી શહેર ગ્રાહક સુરક્ષાના મંત્રી છે. તેઓ વિવિધ સંસ્થા સાથે જોડાયેલ છે. તેમના જન્મદિને તેમના મિત્રો, સ્નેહીજનો, આગેવાનો દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે. મો.નં. ૯૪૨૬૫ ૫૨૭૧૯.

જાફરાબાદ : મુસ્લિમ સમાજનું ગૌરવ

એસ.એસ.સી.માં ૯૬.૭૩ પર્સેન્ટાઈલ મેળવ્યા

જાફરાબાદ, તા. ૨૯

જાફરાબાદનાં તુર્કી મોહલ્લામાં રહેતા ડો. મલેક આરીફ હુસેનનાં સુપુત્ર મોહમ્મદ અયાન આ વર્ષે એસ.એસ.સી.ની પરીક્ષામાં ૯૬.૭૩ પર્સેન્ટાઈલ સાથે પાસ કરી મુસ્લિમ સમાજનું ગૌરવ વધાર્યું છે. ઈંગ્લિશ માધ્યમમાં અભ્યાસ કરતા મલેક મોહમ્મદ અયાને પોતાની સફળતાનો શ્રેય માતા–પિતા અને શિક્ષકોને આપી તેમનો આભાર વ્યકત કર્યો છે. ડોકટર બનવાનું સપનું સેવતા મોહમ્મદ અયાનને જાફરાબાદ મુસ્લિમ સમાજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સમસ્ત મુસ્લિમ સમાજનું નામ રોશન કર્યુ છે.

જાફરાબાદ : સાંખટ પરિવારનું ગૌરવ

જાફરાબાદ, તા. ૨૯

દ્રિશા યશવંત સાંખટ ધોરણ ૧૦ એસ.એસ.સી. બોર્ડની ૨૦૨૩ની પરીક્ષામાં ૯૯.૩૩ પી.આર. સાથે જાફરાબાદ શહેરમાં પ્રથમ સ્થાને આવેલ છે.

જિલ્લા આપતી વ્યવસ્થાપન તંત્રની આગાહી

અમરેલી જિલ્લામાં તા.૩૦ મે સુધી કમોસમી વરસાદ પડવાની સંભાવના

ખેત જણસીનાં જથ્થાને સલામત સ્થળે રાખવા

અમરેલી, તા.૨૯, હવામાન ખાતાની આગાહી અનુસાર આજરોજ તા.૨૯/૦૫/૨૦૨૩ થી તા. ૩૦/૦૫/૨૦૨૩ના રોજ અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ પડવાની સંભાવના છે. આ આગાહીને ધ્યાને લઈ શાકભાજી તેમજ બાગાયતી પાકોને ઉતારી લેવા તેમજ તૈયાર ખેત પેદાશો તથા ઘાસચારોને સલામત સ્થળે ખસેડવા. એપીએમસી અથવા ખરીદ કેન્દ્ર તેમજ અન્ય ગોડાઉન ખાતે ખેત જણસીના જથ્થાને સલામત સ્થળે રાખવા તેમજ ખેત જણસીના જથ્થાને કોઈ નુકશાન ન થાય તે માટે જરૂરી વ્યવસ્થા કરવા તેમજ તકેદારીના યોગ્ય પગલાં લેવા અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર મામલતદાર દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

મળવા જેવા માણસ

ધારીનાં જનાર્દનભાઈ જયસુખભાઈ જોશીપુરા

શ્રીમંત સિયાજીરાવ ગાયકવાડના ૧૫૦ મી જન્મજયંતિ નિમિતે ધારી
જનાર્દનભાઈ જોષીપુરા એ શ્રી.સમરજીતસિંહજી ગાયકવાડને

આપણે પુસ્તકો શા માટે વાંચીએ છીએ વ્યકિતએ વ્યકિતએ કારણો અલગ હોઈ શકે પરંતુ એટલું તો સૌ સમજે કે પુસ્તક આપણો આજીવન સથવારો છે. એમાં માણસને માણસમાં રસ હોવાથી જીવન ચરિત્ર આત્મકથા ઈતિહાસ વાંચવા સહુને ગમે છે. કારણ એમાં ભૂતકાળના સંદર્ભો હોય છે સિંસેરો કહેતા કે વયને આંબી ચૂકેલ માણસ પણ બાળક ન રહી જાય તે માટે પણ ઈતિહાસ જાણવો જ જોઈએ એટલે જાણે અજાણે વર્તમાનને ભૂતકાળના સંદર્ભમાં મુલવવાનો પ્રયત્ન કરીએ છીએ. આવો પ્રયોગ ભકત કવિ નરસિંહ મહેતાના નાગર જ્ઞાતિના ૯૫ વર્ષના ઉત્સાહી, યુવાન જનાર્દનભાઈ જયસુખભાઈ જોશીપુરા દ્વારા થયેલો છે. આજે આપણે હાલ અમરેલીમાં મન સિટીમાં પોતાના નાના પુત્ર સાથે રહેતાની વિશે તેમની ખુમારી યુકત વાણીમાં માણીએ.

પિતા જયસુખભાઈ જોશીપુરા અને માતૃશ્રી જય કુમારી બાના સુખી દાંપત્ય જીવનમાં ૧૯૭૦ કારતક સુદ સાતમને જલારામ જયંતિના પાવન દિવસે સોનાનો સુરજ ઉગ્યો અને નાગર કુળના રતન સમા તેજસ્વી લલાટ વાળા પુત્રનો જન્મ થયો. આનંદ આનંદ છવાયો. ગોળધાણા વહેચાણા. નામ રાખ્યું જનાર્દન શેરી મિત્રો સાથે રમતા રમતા પ્રાથમિક શિક્ષણ વતન ધારી અને જૂનાગઢમાં પૂર્ણ કર્યુ.

અમદાવાદ બાહોશ અને મોટા વકીલ તરીકે નામના મેળવનાર વામન રાય ધોળકિયા મામાને ઘેર રહી ૧૯૪૫માં એસએસસી પરીક્ષા સારા ગુણ સાથે પાસ કરી સાહિત્ય અને ખેતીવાડીનો જીવ હોય વતન ધારીના હરીપરામા ૧૮ વિઘા માલિકીની જમીનમા ફાર્મ બનાવી ૧૯૪૭થી સ્થાયી થયા. મૂળ જૂનાગઢ પરંતુ આફ્રીકાની જન્મભૂમિ પિતાના વ્યવસાયને કારણે લંડન સ્થાયી થનાર ભાનુમતીબહેન જેવા સુશિલ, સંવેદનશીલ સાથે ૧૯૫૬મા લગ્નગ્રંથિથી જોડાયા. એ સમયમાં સૌ પ્રથમ વખત આર્ય સમાજ મોરબી ખાતે લગ્ન થયા. તેમને બે પુત્ર રત્ન પ્રાપ્ત થયા જેમાં (૧) ત્વરીતભાઈ કે જેવો મશહૂર એડવોકેટ હતા. (૨) જાગૃતભાઈ જે હાલમાં અમદાવાદ ખુશ્બુ આઈસ્ક્રીમમાં નોકરી કરે છે. પોતાના પત્ની ભાનુમતિબેને લંડનમા મેળવેલ અંગ્રેજી જ્ઞાનનો ઉપયોગ કરવાનું વિચારી પોતાના ફાર્મની આજુબાજુ આવેલી ૧૪ જેટલી વાડીઓમાં રહેતા પરિવારોના સંતાનોને અંગ્રેજી શિક્ષણ આપવાની જવાબદારી નિભાવી તેમના તે સમયના વિદ્યાર્થીઓમાં નાનજીભાઈ ભીમજીભાઈ સોજીત્રા અને પુઢષોત્તમભાઈ નાનજીભાઈ શેલડીયાએ બંને વિદેશની ભૂમિ પર નિવાસ કરી માદરે વતન અમરેલી જિલ્લામાં વિકાસના દાતા બન્યા છે અને મળેલા શિક્ષણને દિપાવી રહ્યા છે. જોગાનું જોગ ગણો ૨૦૦૭માં જયારે ભાનુમતિ બહેનનું અવસાન થયું ત્યારે તેમની સંવેદના અને પ્રકૃતિ પ્રેમના કારણે વિયોગ અસહ્ય થતા ફોર્મમાં રહેતા ૧૨ સસલાઓ, ૨ ભેંસ, ૧ કૂતરો અને ૧ હરણ જેવા પ્રાણીઓએ દેહ ત્યાગ કર્યો. જીવનમાં કંઈક ચઢ ઉતર જોઈ સંઘર્ષોમાંથી પાર થઈ સાહિત્ય ક્ષેત્રે ઊંડું ખેડાણ કરી અને કવિતાઓની રચના કરી લેખક તરીકે અને કવિ તરીકે નામના મેળવી છે. તેમણે શેર મહંમદભાઈ જેવા મિત્રની સલાહ પ્રમાણે 'ધારીનો ઈતિહાસ' એટલે કે ગાયકવાડી શાસનકાળ નામનું પુસ્તક લખી મહારાજા શ્રી સમરજીતસિંહજી ગાયકવાડને અર્પણ કરી અનેક એવોર્ડ પ્રાપ્ત કરેલા છે. શિઘ્ર કવિ કહે છે 'હું કયાં કોઈ ઈતિહાસ કે તવારીખ ગણવા બેઠો છું હું તો બસ મારા વતનની ધૂળમાં રગદોળાયેલી વાતોને વાગોળી મીઠાશ ભરવા બેઠો છું' તેઓએ એમ પણ કહ્યું કે જિંદગી ઈલેકટ્રીક પ્લગ જેવી જીવવી જોઈએ જે કાળે જયાં જરૂર પડે ત્યાં અનુરૂપ થઈ જવાય. આવડા મોટા સાહિત્ય વારસો પરિવારના મહાન વડીલો પાસેથી મળ્યો છે ત્યારે ચાલો એ પરિવાર વિષે જાણીએ. સૌપ્રથમ પિતા જયસુખભાઈ જોષીપુરા બહુ જાણીતા વિદ્વાન હતા સાક્ષરયુગના સુવર્ણ મોતી હતા. સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ એમ.એ.ની પદવી એમણે મેળવી ગાયકવાડી રાજયમાં વિદ્યાધીકારી તરીકે ફરજ બજાવેલ તેઓએ બાળસાહિત્ય માળા અને અન્ય સાહિત્ય પ્રવૃત્તિઓને સમૃદ્ધ બનાવી આનંદ મેળાની શરૂઆત તેમણે કરાવી ઉપરાંત ઉત્તમ કક્ષાના પોતે લેખક હતા. અનેક પુસ્તકો લખી ગાયકવાડ સરકારના માનિતા બનેલા. તેમના ફાર્મ ઉપર શ્રી શ્રી ગોપાલ રાવ ગાયકવાડ ત્રણ વખત મહેમાન બનેલા તેમજ અમરેલીને વિશ્વમાં સુવર્ણ બનાવનાર ડોકટર જીવરાજ મહેતાના પરિવાર સાથે આજે પણ પારિવારિક સંબંધો ધરાવે છે તેમના નાના બહેન હીમાબેન યાજ્ઞિક તે ઈન્દુલાલ યાજ્ઞિકના ભત્રીજા વિપુલભાઈ યાજ્ઞિક સાથે લગ્નગ્રંથિથી જોડાયા અને વડોદરા નિવાસ કરે છે તેઓ વડોદરામાં પ્રસિદ્ધ કવિ અને ઉત્તમ સાહિત્ય સર્જનના અગ્રેસર છે. તેમના મોટાભાઈ બકુલભાઈ જોશીપુરા અમદાવાદમાં પ્રખર વકીલ છે તેમજ સાહિત્ય ક્ષેત્રે ૪૦ જેટલા પુસ્તકો પ્રગટ કર્યા છે. નાટય કલામાં પણ તેઓ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. પી ખરસાણી જેવા મહાન નાટયકારો સાથે તેમણે ઉત્તમ પાત્રો ભજવ્યા છે. તેમના ધર્મપત્ની આદરણીય પ્રતિભાબહેન સંગીત કલામાં પારંગત છે અને અમદાવાદના સંગીત કલાસીસ ચલાવે છે.

નાનાભાઈ પ્રદ્યુમન ભાઈ જોશીપુરા અમદાવાદ રહે છે અને મોટા હાસ્ય લેખક તરીકે પ્રસિદ્ધ છે તેમના 'જયપન' પુસ્તકને ગ્રીનીચ બુકમા સ્થાન મળ્યુ છે.

આમ આવા વિશાળ પરિવારના મોટા ગજાના સાહિત્યકારોનો વારસો આપણા જનાર્દન દાદામાં હાલ સમૃદ્ધ છે. તેમના મામા વામનરાય ધોળકિયા બાહોશ વકીલ હતા તેમનું વતન પેટલાદ હતું. તેથી સરદાર પટેલના તેઓ મિત્ર હતા. બારડોલી કેસની અંદર તેઓએ વકીલાત કરી સફળતા પ્રાપ્ત કરી અને સન્માનિત થયા હતા. તો દિવ્યકાન્તભાઈ નાણાવટી તે તેમના બનેવી હતા તેઓની મુલાકાતે એમણે એક સરસ મજાની વાત કહી મારી ઉંમરની વિવશતામા બહાર કોઈના સહારે જવાનુ થાય તેથી : 'માઢ વાહન પરથી પડી જવામા કે અકસ્માતે મૃત્યુ થાય તો વાહનચાલકનો દોષ ન ગણવો મારી ભૂલ ગણી તેને હેરાન ન કરવા વિનંતિ.' આવા લખાણની ચિટ્ઠી પોતાના ખીસ્સામા રાખનાર મહા તેજસ્વી નાગર જ્ઞાતિના ગૌરવંતા જનાર્દન દાદાના ચરણમાં વંદન.

મહેન્દ્ર સી. જોષી

મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬

: અમરેલી :

યુવા વયે જબરદસ્ત સફળતા મેળવી

ચલાલાનાં પરેશ મહેતાએ કંપાલાની ચુંટણીમાં ઐતિહાસીક વિજય મેળવ્યો

પૂ.રતીદાદાનાં પથદર્શન પર ચાલવા અભિનંદન

ચાલલા, તા.૨૯

ખુબજ અધરી પરિસ્થિતિમાં પણ સુજબુજ થી કામ લઈ અને કંપાલાની ચુંટણીમાં વિજય પ્રાપ્ત કરવા બદલ ખુબ ખુબ અભિનંદન ૧૦૦ વર્ષનાં ઈતિહાસમાં આટલી નાની ઉંમરની વ્યકિત જો કોઈ ચુંટણી હોય તો તે આપ છો ચલાલા ગામ અને પછી અમરેલીમાં અભ્યાસ કરી અમદાવાદ અને વડોદરા એ.બી.બી.જેવી મલ્ટી નેશનલ કંપની છોડી આપ આફિકાનાં કંપાલામાં સ્થાઈ થયા. ત્યાં નું નાગરિકત્વ મેળવી ઉદ્યોગ ક્ષેત્રે હરણફાળ ભરી આજે ચુંટણીમાં ઉભા રહી અને જીત હાંસલ કરી સમગ્ર મહેતા પરિવાર સમગ્ર ગાયત્રી પરિવાર અને ચલાલા ગામ જ નહિ પણ સમગ્ર દેશનું નામ રોશન કર્યુ છે.

સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ હેતુ સર રાજકીય કારકિર્દિમાં પગલું ભરવા બદલ ખુબ ખુબ અભિનંદન તમામ ગુજરાતીઓ ભારતવાસીઓ અને વિદેશમાં વસતા તમામ લોકો માટે આ ગૌરવની ક્ષણ છે.

સરળતા... ની વાત કરીએ તો કંપાલા યુગાન્ડામાં રેહતા પરેશભાઈ મહેતા ત્યાં વસતા તમામ ગુજરાતીઓ અને ત્યાં આવતા તમામ ભારતીઓની મદદ માટે હમેશા અંગ્રેસર હોય છે. અને હર કોય નાના મોટા માણસની મદદ પરેશભાઈ મહેતા કોઈ પણ જાતનું સ્વાર્થ વિના દિવસ કે રાત જોયા વગર કરે છે.

સાહસિકતાની વાત કરીએ તો કંપાલા યુગાન્ડામાં આશરે અમુક વર્ષોથી સ્થાયી થઈ અને હાલ ત્યાંનું નાગરિકત્વ મેળવી નાના ઉદ્યોગથી શરૂ કરી આજ તેઓ ત્યાંના ખ્યાતનામ ઉદ્યોગો સાથે ખોડાયઈ ઈન્ડિયન હાઈકમિશ (ભારતીય ઉચ્ચાયુકત) માં વોલન્ટીયર સેવા આપી દેશો (ઈન્ડો – આફ્રિકા) વચ્ચે થતાં વ્યાપાર સંબંધોમાં પોતાનું યોગદાન આપી રહયા છે.

ધર્મ પરાયણતા. ની વાત કરીએ તો સત્યની રાહ પર ચાલવાની સાથે વેદમાતા ગાયત્રી પર અપાર શ્રધ્ધા અને સનાતન ધર્મ મંડળ – કંપાલા (યુગાન્ડા) માં તેઓ સૌથી નાની ઉંમરમાં ચેરમેન તરીકે સેવા આપી રહયા છે. ત્યાં વસતા તમામ ગુજરાતી ભાઈઓ બહેનો માટે તમામ તહેવારો અને સામાજિક પ્રસંગોની ઉજવણીનં સમગ્ર આયોજન પરેશ મહેતા અને તેમની ટીમ દ્વારા ગોઠવવામાં આવે છ. આમ સરળતા સાહસિક પ્રસંગોની ઉજવણીનું સમગ્ર આયોજન પરેશ મહેતા અને તેમની ટીમ દ્વારા ગોઠવવામાં આવે છે. આમ સરળતા સાહસિક અને ધર્મ પરાયણતા એ શબ્દો સાર્થક ઠરે છે.

કંપાલા (યુગાન્ડા) આફ્રિકા માં ૧૦૦ વર્ષનાં ઈતિહાસમાં જો આ ઉંમરમાં કોઈએ રાષ્ટ્ર નિર્માણ માટે પગલું ભર્યુ હોય અને વિજય પ્રાપ્ત કર્યો હોઈ તેવી પ્રથમ ઘટના છે.

અમરેલી ખાતે વીર સાવરકરની જન્મજયંતિએ હિન્દુ ધર્મ સેના દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરાઇ

આજરોજ અખિલ ભારતીય સંત સમિતિ ગુજરાત પ્રેરિત હિન્દુ ધર્મ સેના અમરેલી દ્વારા પૂજય શ્રી નૌતમ સ્વામીજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ વીર વિનાયક સાવરકરજીની જન્મ જયંતિ નિમિતે કાર્યક્રમ યોજેલ. તેમાં અમરેલી શહેરમાં ફુલહારનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અખિલ ભારતીય સંત સમિતિ અમરેલી જિલ્લા અધ્યક્ષ શ્રી રામ મનોહરદાસ બાપુ તેમજ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઇ વેકરીયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી દ્વારા વીર સાવરકરની તસ્વીર મંડળમાં ભેટ આપવામાં આવી હતી. આ તકે હિન્દુ ધર્મ સેના અમરેલી જિલ્લાના પ્રમુખ સંદીપભાઇ માંગરોળીયા, શહેર પ્રમુખ ધર્મેશભાઇ વિસાવળીયા, વિહીપના પૂર્વ અધ્યક્ષ ભાનુભાઇ કિકાણી, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન જીતુભાઇ ડેર, અમરેલી શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઇ માંગરોળીયા, અમરેલી જિલ્લા ભાજપ કોષાધ્યક્ષ દીપકભાઇ વઘાસિયા, બ્રહ્મસમાજ અગ્રણી બકુલભાઇ પંડયા, રોહિતભાઇ મહેતા, તાલુકા પંચાયત સદસ્ય આશિષભાઇ અકબરી, હિન્દુ ધર્મ સેના જિલ્લા ઉપાધ્યક્ષ સંદીપભાઇ ત્રિવેદી, જયસુખભાઇ સોરઠીયા, રાકેશભાઇ નાકરાણી, તુષારભાઇ વાણી, બીપીનભાઇ લીંબાણી, ડોકટર રાજેશભાઇ કથીરીયા, વિજયભાઇ વસાણી તેમજ હિન્દુ ધર્મ સેનાના અમરેલી શહેરના હોદેદાર અમિતભાઇ તલસાણીયા, ઘનશ્યામભાઇ ગેડિયા, ચિંતનભાઇ રાજયગુરૂ, ચિંતનભાઇ લોલીયાણા, જયરાજભાઇ વાળા, પંકજભાઇ સોલંકી, રવિભાઇ મારુ, આદેશ સોરઠીયા, અભિષેક પોશિયા, તુષાર પાનેલીયા, અક્ષય ઠુમ્મર સહિતના હોદેદારો તેમજ વિવિધ સંસ્થાના આગેવાનો જોડાયા હતા. તેમ અમરેલી હિન્દુ ધર્મ સેના શહેરના મહામંત્રી વિદુરભાઇ ડાબસરા યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

ભાજપનું જનસંપર્ક અભિયાન

તારીખ	અભિયાનની પ્રવૃત્તિઓ	વિગત
૩૦/૩૧ મે ૨૦૨૩	પ્રારંભ રેલી	વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ધ્વારા મહા સભાથી અભિયાનનો શુભારંભ થશે.
૧ જૂન થી ૬ જૂન	સંપર્કથી સમર્થ	– આખા દેશમાં ૧ લાખ વિશિષ્ટ પરિવારોનો સંપર્ક કરવામાં આવશે. – અમરેલી જિલ્લામાં ૧ હજાર વિશિષ્ટ પરિવારોનો સંપર્ક કરવામાં આવશે.
		– સાંસદ, ધારાસભ્ય, જિલ્લા પ્રમુખ, મંડલ પ્રમુખ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને વરિષ્ઠ આગેવાનો ધ્વારા પ્રભાવશાળી વ્યકિતઓ–પરિવારોનો સંપર્ક કરવામાં આવશે.
૧ જૂન થી ૨૦ જૂન	વિકાસ તિર્થ	સાંસદ તથા ધારાસભ્યના પ્રયાસોથી તાલુકા અને શહેરમાં કેનદ્ર અને રાજય સરકાર ધ્વારા થયેલા વિકાસકાર્યોની સ્થાનની મુલાકાત લેશે અને પ્રજા સાથે સંવાદ કરશે.
૫ જૂનથી ૨૦ જૂન	લાભાર્થી સંમેલન	– અમરેલી જિલ્લાને ૨૦ મંડલમાં ૨૦ લાભાર્થી સંમેલનોનું આયોજન કરવામાં આવશે. – આ સંમેલનમાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાનાં લાભાર્થીઓ સાથે સાંસદ, ધારાસભ્ય તથા ભાજપનાં આગેવાનો સંવાદ કરશે.
૧૦ જૂનથી ૧૫ જૂન	વેપારી સંમેલન	– અમરેલી જિલ્લામાં અમરેલી, સાવરકુંડલા તથા બગસરા ખાતે ભાજપ પરિવાર ધ્વારા ત્રણ વેપારી સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. – આ સંમેલનમાં સાંસદ, ધારાસભ્ય સંવાદ કરશે.
૧૦ જૂનથી ૨૦ જૂન	પ્રબુધ્ધ સંમેલન	જિલ્લા ભાજપ ધ્વારા અમરેલી ખાતે પ્રબુધ્ધ નાગરીકોનું એક વિશાળ સંમેલન યોજાશે.
૧૫ જૂનથી ૨૦ જૂન	સંયુકત મોરચા સંમેલન	અમરેલી જિલ્લા ભાજપ ધ્વારા અમરેલીની પાંચ વિધાનસભા સીટમાં સંગઠનનાં ૬ વિવિધ મોરચા ધ્વારા જેમ કે બક્ષીપંચ મોરચો, અનુ.જાતિ મોરચો, કિસાન મોરચો, મહિલા મોરચો, યુવા મોરચો, લઘુમતિ મોરચો ધ્વારા એક એક તમામ મોરચાનું સંયુકત સંમેલન બોલાવવામાં આવશે. જેમાં સાંસદ, ધારાસભ્ય અને પ્રદેશમાંથી વકતાઓ ઉપસ્થિત રહેશે.
૨૧ જૂન	યોગ દિવસ	૨૧ જૂનના રોજ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.
૨૩ જૂન	વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે વિસી	ડો. શ્યામા પ્રસાદ મુખર્જીની પૂણ્યતિથિનાં દિવસે નરેન્દ્રભાઈ મોદી સાથે વિડીયો કોન્ફરન્સ ધ્વારા સુચના અને સંવાદનો કાર્યક્રમ દરેક શકિત કેન્દ્રમાં આ કાર્યક્રમ થશે.
૨૩ જૂન	વરિષ્ઠ કાર્યકર્તાઓ સાથે વાર્તાલાભ અને ભોજન	સાંસદ જે તે વિધાનસભાના ધારાસભ્ય ધ્વારા મત વિસ્તારનાં વરિષ્ઠ કાર્યકર્તાઓ સાથે વાર્તાલાભ અને ભોજન કરશે.
૨૫ જૂનથી ૩૦ જૂન	ઘર ઘર સંપર્ક (બુથ સ્તરે)	– ૨૫ જૂન રવિવાર મન કી બાત તેમજ આપાતકાલિન દિનનાં કાર્યક્રમ બાદ ૬ દિવસીય ઘર ઘર જન સંપર્ક કાર્યક્રમનો પ્રારંભ થશે. – આ કાર્યક્રમ દરમ્યાન અમરેલી જિલ્લાનાં તમામ ઘરોનો ભાજપનાં કાર્યકર્તા ધ્વારા સંપર્ક કરી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ભાજપ સરકાર ધ્વારા ૯ વર્ષ દરમ્યાન કરેલા પ્રજાલક્ષી કાર્યોની વિગત આપશે.
૧૩ જૂન	વિશાળ જન સભા	– આ કાર્યક્રમ અંતર્ગત અમરેલી લોકસભાની એક વિશાળ જનસભાનું આયોજન ભારતીય જનતા પાર્ટી ધ્વારા કરવામાં આવશે. – આ જનસભામાં રાષ્ટ્રીય અને પ્રદેશનાં નેતાઓ તથા સાંસદ, ધારાસભ્ય અને જિલ્લાનાં વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહી ઉદબોધન ધ્વારા ૯ વર્ષના ભાજપ સરકારની ઉપલબ્ધીઓની વાત કરશે.

પાના ૮ ઉપરનું ચાલું

લાઠી–ચાવંડ માર્ગ પરથી

બી.બી. ૪૬૫૯ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦ મળી કુલ કિ.રૂ. ૩,૯૩,૬૩૬નો મુદ્દામાલ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો તથા વાહન સહિતનો મુદ્દામાલ લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે અને નાસી ગયેલ આરોપીને કિશોર ગભરૂભાઈ વાળા, (રહે.ચલાલા) પકડી પાડવા તજવીજ હાથ ધરેલ છે.

આ કામગીરી અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલ, પો.સ.ઈ. એમ.બી. ગોહિલ, પો.સ.ઈ.એમ.ડી.સરવૈયા, એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. જીગ્નેશભાઈ અમરેલીયા, યુવરાજસિંહ રાઠોડ, જાવેદભાઈ ચૌહાણ તથા હેડ કોન્સ. મનીષભાઈ જાની, આદિત્યભાઈ બાબરીયા, કિશનભાઈ આસોદરીયા, તથા પો કોન્સ. તુષારભાઈ પાંચાણી દ્વારા કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલી ખાતે મોદી સરકારનાં

ી ગયેલ છે. જેમાં ખીજડીયા, અમરેલી, ચલાલા સુધી ગેજ રૂપાંતર તથા રેલ્વે વિધુતીકરણનાં કામ માટે રૂા.૪૪૫.૮૭ કરોડની રકમ સાથેનાં કામનું ટુંક સમયમાં ટેન્ડર થશે.

અમરેલીના લોકો માટે મહુવાથી સુરત જવા માટે ડેઈલી સુપર ફાસ્ટ ટ્રેન દોડી રહી છે. અને અઠવાડીયામાં બે દિવસ મુંબઈ જવા માટેની ટ્રેન દોડી રહી છે.

અમરેલી જિલ્લા માટે કેન્દ્રીય વિદ્યાલયને પણ મોદી સરકારમાં જ મજુરી મળેલ છે.વર્ષ ૨૦૧૯ થી એફ.એમ.રેડીયોની સુવિદ્યા કાર્યરત થયેલ છે.

વર્ષ–૨૦૧૪ પહેલા અમરેલી જિલ્લામાંથી એકપણ નેશનલ હાઈવે પસાર થતાં ન હતા. જયારે આજે ભાવનગર–મહુવા, રાજુલા, જાફરાબાદ, સોમનાથ નેશનલ હાઈ–વે (રૂા.૫ હજાર કરોડ) નું કામ પુર્ણ થવાનાં આરે છે.

તેમજ (૧) મહુવા, સાવરકુંડલા, અમરેલી, બગસરા, વડીયા, જેતપુર, રૂા. ૮૧૫ કરોડ (૨) ઉના, ધોકડવા, ખાંભા, ઈગોરાળા, ધારી, બગસરા, અને (૩) નાગેશ્રી, ખાંભા,ચલાલા, ચિતલ, બાબરા, આટકોટ, જસદણ, ચોટીલા નેશનલ હાઈવેને મંજુરી મળી ગયેલ છે.

જેમાંથી મહુવા જેતપુર નેશનલ હાઈવે અંતર્ગત મહુવાથી બાઢડા પેકેજ ૧ (રૂા.૧૫૩ કરોડ) નું ટેન્ડર પણ ઓનલાઈન થઈ ગયેલ છે.

તેમજ બાઢડા બાયપાસ, લુવારા ફાટક, સાવરકુંડલા બાયપાસ અને અમરેલી બાયપાસ એમ કુલ–૪ સ્થળો પર આર.ઓ.બી.મંજુર થયેલ છે.

(૧) બેડીયા થી ખાંભા ૧૨.૯૦ કિ.મી. (૨) નાગેશ્રી થી ખાંભા ૨૮.૨૦ કિ.મી. (૩) ખાંભાથી ચલાલા ૩૪.૬૪ કિ.મી. (૪) ચલાલા થી ગાવડકા ૧૫.૧૬ કિ.મી. અને (૫) અમરેલી થી કોટડાપીઠા ૪૦ કિ.મી. નેશનલ હાઈવેનાં રીસરફેસીંગ માટે અંદાજીત ૬૭.૩૦ કરોડનાં કામો પુર્ણ થયેલ છે.

ઉપરાંત અમરેલી શહેરમાં આવેલ કેરીયા રોડ અને હનુમાનપરા રોડ પર અંડર બ્રીજનું કામ હોય લાઠી રોડ ફાટક હોય, માળીલા ફાટક હોય કે પછી ચલાલા ફાટક હોય તેની પહોળાઈ વધારી ટ્રાફીક સમસ્યાનું નિવારણ થવા પામેલ છે.

સાવરકુંડલા બાયપાસ વર્ષોથી ખોરંભે પડેલ હતો. સ્પેશ્યલ કેસમાં રેલ્વે વિભાગ તેમજ ગુજરાત સરકારમાંથી મંજુરી મેળવી કામ પુર્ણ કરાવેલ છે. અને આજે સાવરકુંડલા શહેરમાં શહેરજનોનો ટ્રાફિક સમસ્યાનું પણ નિરાકરણ થવા પામેલ છે.

અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત રાજુલા જંકશન, સાવરકુંડલા અને મહુવા રેલ્વે સ્ટેશનો અત્યાધુનીક વિકાસ પામશે.

તેમજ અમરેલી જિલ્લામાં ૭૫ થી પણ વધુ અમૃકત સરોવરોનું નિર્માણ થયેલ છે. તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલી જિલ્લામાં ભારે પવન ફુંકાતા

મકાનોના નળિયા ઉડયા હોવાની વિગતો મળી રહી છે. ત્યારે અચાનક આવેલા ભારે પવનને કારણે વીજળી ગુલ થઈ ગયેલ હતી ને ભારે પવનને કારણે સોસાયટી વિસ્તારો અને બહારના વિસ્તારોમાં ભારે ધૂળની ડમરીઓ જોવા મળતી હતી. જયારે રજવાડા વખતનો રાજ દરબારગઢના નળિયા પણ નીચે ખાબકયા હોવાની માહિતીઓ પ્રાપ્ત થઈ રહી છે. ત્યારે પ્રીમોન્સુન કામગીરીઓ અગાઉ સાવરકુંડલા શહેરમાં જુનવાણી મકાનો વધું પડતા હોય ત્યારે આવા મકાનો ચોમાસામાં તાકીદે રિપેર કરાવો અથવા પાલિકા તંત્ર દ્વારા આવા જુનવાણી બિલ્ડિંગો, મકાનો જે જર્જરીત હાલતમાં ઊભી હોય તે અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણીઓ ઉઠવા પામી છે.

બાબરા

બાબરા પંથકમાં બપોર બાદ ભારે ઉકલાળ બાદ જોરદાર તોફાની પવન અને ધૂળની ડમરીઓ ઉડતા મીની વાવાજોડું સર્જાયું હતું. ભારે ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. બાબરા શહેરમાં જોરદાર વરસાદનું ઝાપટું પડી ગયું હતું તેમજ તાલુકાના ધરાઈ, મોટા દેવળીયા, બળેલ પીપળીયા, ફુલજર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં જોરદાર વરસાદ પડી ગયો હતો. અહીં ગ્રામ્ય વિસ્તારોમાં અડધાથી એક ઈંચ વરસાદ પડતાં ખેતરોમાં પાણી ભરાયા હતા. વાવણી લાયક વરસાદ પડતાં ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદના કારણે ૧૦% જેટલા ખેડૂતો ધ્વારા વાવણી પણ કરી દેવામાં આવી છે.

વડિયા

ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે કાળા ડિંબાગ વાદળો વચ્ચે જોરદાર પવન સાથે વરસાદ શરૂ થયો હતો. વડિયા પંથકમાં ભારે પવન અને કાળા ડિંબાગ વાદળો સાથે વરસાદી માહોલ સર્જાર્યા બાદ એકાએક વાતાવરણમાં પલટો આવ્યો. વડિયા વિસ્તારમાં આંધી જેવો પવન ફૂંકાયો સાથે વરસાદ શરૂ થયો.

પાના ૧ ઉપરનું ચાલું

બાબરાનાં આંબલીધાર નજીક

કરી રહી છે. બીજા બનાવમાં બાબરા તાલુકાના સુકવડા ગામે રહેતા યુવાન ખેડૂત ભાવેશભાઈ સામતભાઈ નાંદોલીયા સહિત અન્ય બે મજૂરો પોતાના ખેતરમાં પતરા ગોઠવવાનું કામ કરી રહ્યાં હતા. ત્યારે વરસાદના વાતાવરણમાં વીજળીનાં કડાકા સાથે અહીં ખેતરમાં કામ કરતા ભાવેશભાઈ સહિત અન્ય બે મજૂરો માથે વીજળી પડતા તાત્કાલિક અસરથી બાબરા સરકારી દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબો દ્વારા ભાવેશભાઈને મૃત જાહેર કરાયા હતા અને અન્ય બે મજૂરોને જસદણ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. પરિવાર દ્વારા બાબરા પોલીસમાં જાણ કરવામાં આવતા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરી હતી.

સંકુલ ગુજરાતી મિડીયમ ગર્લ્સ સ્કૂલ – હોસ્ટેલ વાર્ષિક ફી

★ નર્સરી થી KG 2	૩૦૦૦	★ ધો. ૧૧–૧૨ સાયંસ	૨૪૪૦૦
★ ધો. ૧ થી ૫	૪૮૦૦	★ ઈન્ટીગ્રેટેડ MBA - 5 વર્ષ	૩૨૦૦૦
★ ધો. ૬ થી ૮	૫૮૦૦	★ PG-DMLT-કોલેજEM	૪૦૦૦૦
★ ધો. ૯–૧૦	૭૦૦૦	★ ધો. ૬ થી ૮ હોસ્ટેલ	૨૧૨૦૦
★ ધો. ૧૧–૧૨ આર્ટસ	૭૮૦૦	★ ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ	૨૩૮૦૦
★ ધો. ૧૧–૧૨ કોમર્સ	૮૬૦૦	★ FY થી PG હોસ્ટેલ	૨૫૪૦૦

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, [illegible] રોડ, અમરેલી ★ ફોન:[illegible] Ad 039

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ શંકર	૧૪૧૫	૧૫૨૧
૨	મગફળી	૧૨૨૬	૧૩૭૪
૩	તલ સફેદ	૨૪૬૫	૨૬૭૫
૪	ઘઉં	૪૧૯	૪૫૧
૫	ચણા	૮૯૧	૯૧૯
૬	તુવેર	૧૨૧૦	૧૩૨૦

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૩૦૯	૧૪૫૫
૨	ચણા	૯૦૦	૯૦૦
૩	જુવાર	૬૭૫	૬૭૫
૪	તલ સફેદ	૨૩૫૨	૨૬૮૦
૫	તલ કાળા	૨૬૭૧	૨૭૦૧
૬	બાજરો	૪૦૨	૪૨૧
૭	મગ	૧૪૯૦	૧૬૭૫
૮	મગફળી	૧૨૪૩	૧૩૭૦
૯	ધાણા	૭૦૦	૭૦૦
૧૦	સોયાબીન	૯૧૭	૯૧૭
૧૧	શીંગ દાણા	૧૫૮૫	૧૫૮૫
૧૨	તુવેર	૧૫૨૫	૧૫૨૫

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૩૯૦	૧૩૯૦
૨	મગફળી	૧૦૪૦	૧૨૮૦
૩	ઘઉં	૪૧૩	૪૫૭
૪	ચણા	૭૫૭	૯૦૧
૫	છોલે ચણા	૧૧૦૦	૧૬૦૧
૬	સફેદ તલ	૨૪૪૧	૨૬૫૫
૭	કાળા તલ	૨૬૧૦	૨૬૯૬
૮	ધાણા	૮૮૫	૧૦૨૫
૯	મેથી	૮૪૦	૧૧૬૦
૧૦	મગ	૧૫૬૧	૧૫૭૧
૧૧	એરંડા	૧૦૪૯	૧૦૬૨
૧૨	શીંગ દાણા	૧૬૦૦	૨૦૫૦

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૮૬૦	૧૪૪૫
૨	શિંગ મોટી	૧૧૪૫	૧૪૨૧
૩	શિંગદાણા	૧૩૭૫	૧૭૨૫
૪	શિંગદાણા ફાડા	૧૪૪૫	૧૭૧૫
૫	તલ સફેદ	૧૪૫૦	૨૭૪૦
૬	તલ કાળા	૨૦૦૦	૨૯૩૦
૭	તલ કાશ્મીરી	૨૩૦૦	૩૦૪૦
૮	જુવાર	૪૦૦	૯૨૩
૯	ઘંઉ ટુકડા	૪૧૫	૫૪૫
૧૦	ઘઉં લોકવન	૪૫૬	૫૦૦
૧૧	મગ	૭૦૧	૧૭૭૫
૧૨	અડદ	૬૦૦	૧૪૦૦
૧૩	ચણા	૭૦૦	૯૬૦
૧૪	તુવેર	૮૦૦	૧૭૮૪
૧૫	કપાસ	૯૫૧	૧૪૮૯
૧૬	એરંડા	૯૦૦	૧૦૪૫
૧૭	રાય	૧૦૬૦	૧૦૬૦
૧૮	ધાણા	૮૫૦	૧૨૧૧
૧૯	ધાણી	૭૧૦	૧૨૨૦
૨૦	અજમા	૨૧૦૦	૨૬૭૫
૨૧	મેથી	૮૩૨	૧૧૭૧
૨૨	સોયાબીન	૮૫૦	૯૫૦

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ નવી ઉનાળુ	૧૨૦૪	૧૪૬૧
૨	શીંગ જીણી	૧૨૩૧	૧૪૪૫
૩	શીંગ મોટી	૧૦૩૩	૧૪૫૧
૪	શીંગદાણા	૧૫૦૦	૧૮૦૧
૫	તલ સફેદ	૨૪૦૦	૨૭૩૧
૬	તલ કાળા	૨૫૫૧	૨૯૨૧
૭	જીરૂ	૭૮૦૦	૮૫૮૧
૮	કપાસ	૧૩૦૦	૧૪૬૧
૯	ઘઉં લોકવન	૪૦૦	૪૮૦
૧૦	ઘઉં ટુકડા	૪૩૦	૬૧૫
૧૧	બાજરો	૩૮૦	૪૫૦
૧૨	જુવાર	૪૫૧	૯૧૫
૧૩	મકાઈ	૩૪૦	૫૦૮
૧૪	મગ	૧૫૫૧	૧૯૪૨
૧૫	અડદ	૧૫૭૦	૧૭૦૦
૧૬	ચણા	૮૮૦	૯૬૭
૧૭	તુવેર	૧૫૦૦	૧૭૫૪
૧૮	એરંડી	૧૦૫૧	૧૧૩૬
૧૯	મેથી	૧૦૦૦	૧૧૬૦
૨૦	રાય	૮૮૦	૧૦૦૦
૨૧	ધાણા	૭૫૧	૧૦૦૧
૨૨	સોયાબીન	૮૮૦	૯૩૫

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૨૫૦	૧૪૮૨
૨	ધાણા	૭૭૫	૧૦૯૦
૩	ચણા	૭૭૬	૯૩૦
૪	ઘઉં લોકવન	૩૯૫	૪૫૧
૫	બાજરો	૪૮૫	૭૭૪
૬	તુવેર	૧૨૯૦	૧૨૯૦
૭	શીંગ ફાડા	૧૫૯૫	૧૬૫૦
૮	મગફળી	૧૦૬૦	૧૩૨૫
૯	સફેદ તલ	૨૪૦૬	૨૬૦૯
૧૦	મેથી	૧૦૦૦	૧૧૦૦
૧૧	સોયા	૮૮૧	૯૨૨
૧૨	ઘઉં ટુકડા	૪૪૪	૪૬૦
૧૩	મગ	૧૭૬૨	૧૭૬૨
૧૪	સફેદ ચણા	૧૦૦૦	૧૦૦૦
૧૫	લસણ	૧૨૬૦	૧૨૬૦

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	બાજરો	૩૯૦	૪૮૫
૨	જુવાર	૫૦૦	૯૬૦
૩	ઘઉં ટુકડા	૪૦૦	૪૮૮
૪	મકાઈ	૩૦૦	૩૦૦
૫	મગ	૧૫૮૧	૧૬૭૩
૬	અડદ	૧૦૦૦	૧૦૦૦
૭	સોયાબીન	૯૩૫	૯૬૫
૮	ચણા	૬૧૦	૯૧૨
૯	અજમા	૧૨૦૦	૧૨૦૦
૧૦	રાય	૬૦૦	૧૦૪૦
૧૧	શીંગ	૧૧૫૦	૧૪૨૦
૧૨	શીંગદાણા	૧૬૦૦	૧૬૦૦
૧૩	તલ સફેદ	૨૩૦૦	૨૬૬૩
૧૪	તલ કાળા	૨૨૦૧	૨૬૫૨
૧૫	એરંડી	૧૦૬૬	૧૦૬૬
૧૬	કપાસ	૧૨૭૦	૧૪૭૬
૧૭	ધાણા	૭૦૦	૯૦૦
૧૮	વાલ	૧૬૦૧	૧૬૦૧

સમાજનાં મહત્વનાં આગેવાનોની ઉપસ્થિતિમાં

અમરેલી ખાતે કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા અંગે માર્ગદર્શન સેમિનાર યોજાયો

જીવતરનું ઘડતર કરવું હશે તો ભણતર જરૂરી : જય વસાવડા

સાવરકુંડલા, તા. ૨૯

અમરેલી મુકામે સમગ્ર અમરેલી જિલ્લા કાઠી ક્ષત્રિય સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓની કારકિર્દીને યોગ્ય રાહ બતાવવા રાજુલા, સાવરકુંડલા, અમરેલીની કેડીઈટી કાઠી દરબાર એજયુકેશન ટીમ દ્વારા ગાંધીનગર ટીમના માર્ગદર્શન નીચે આ શૈક્ષણિક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા પાંચસો જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

આ સેમિનારમાં મુખ્ય વકતા તરીકે આંતરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત જય વસાવડાએ સતત એક કલાક સુધી રસાળ શૈલીમાં, પોતાનાં અનુભવો, પોતાનાં વાંચનથી પ્રાપ્ત થયેલ જ્ઞાન પીરસ્યું હતું. તેમણે કેડીઈટીનાં તમામ વિદ્યાર્થીઓ માટે પોતાનાં તમામ પુસ્તકો પચાસ ટકા કિંમતે આપવાની જાહેરાત કરી હતી.

આ કાર્યક્રમમાં સનરાઈઝ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી અને પત્રકાર સંઘનાં અધ્યક્ષ પ્રતાપભાઈ ખુમાણે યુવાનોને જુની રૂઢિમાંથી બહાર નીકળી સમાજનાં મુખ્ય પ્રવાહમાં ભળી જવા અનુરોધ કર્યો હતો. સ્વદેશે પુજયતે રાજા... પણ વિદ્વાન સર્વત્ર પૂજયતે... એ ઉકિત સમજાવી હતી. આ ઉપરાંત જયોત્સનાબેન ભગત, જીતુભાઈ ખુમાણ દ્વારા પણ પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. ભાવનગરથી સુભાષ ખુમાણ અને તેમની સમર્પણ ધ્યાન સમિતિ દ્વારા ખૂબજ ઉપયોગી માહિતી આપી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રણજીતભાઈ ધાધલે કર્યુ હતું. ભાણકુભાઈ ચાંદુ, અજયભાઈ ખુમાણ જાબાળ, ડો વલકુ ખુમાણ, મજબૂતભાઈ બસિયા, ભુપતભાઈ વરૂએ આ આયોજન પાછળ ખૂબજ જહેમત ઉઠાવી હતી.

બગસરા ખાતે સ્વ. શામજીભાઈની પુણ્યતિથિએ ભાવવંદના કાર્યક્રમ યોજાયો

તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૯

બગસરાના પ્રખર ગાંધીવાદી અને બાળકેળવણી મંદીર બગસરાનાં પૂર્વ મેનેજિંગ ટ્રસ્ટી શામજીભાઈ ચાગલાણીની ૨૧મી પુણ્યતિથી નિમિત્તે ભાવ વંદના કાર્યક્રમ યોજાય ગયો. બાળ કેળવણી મંદીર બગસરામાં બાળકો અને જરૂરિયાતમંદ બહેનોના ઉત્કર્ષ માટે જીવન સમર્પિત કરનાર શામજીભાઈ ચાગલાણીની ૨૧મી પુણ્યતિથિ નિમિત્તે સંસ્થા પરિવાર દ્વારા ભાવ વંદના કરવામામં આવેલ.

ગાંધી મૂલ્યો પ્રમાણે જીવન જીવી અનેક લોકોને ઉપયોગી બની, સંસ્થાના મૂલ્યોને અડીખમ રાખી, પવિત્ર જીવન જીવી, દીન દુઃખીયાની અવિરત ૫૫ વરસ સુધી સેવા કરનાર શામજીભાઈનાં વિચારો અને સેવાકિય કામગીરીને અમો સૌ બીરદાવીએ છીએ. તેમ સંસ્થા પરિવારે એક અખબારી યાદીમાં જણાવાયું છે. દેવચંદ સાવલિયા બાળ કેળવણી મંદીર બગસરા.

સા.કુંડલા ખાતે વીર સાવરકરની જન્મ જયંતિએ પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા શહેરના રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ મંદિર ચોક ખાતે અખિલ ભારતીય સંત સમિતિ પ્રેરિત હિંદુ ધર્મ સેના સાવરકુંડલા દ્વારા પૂજય સદ્‌ગુરૂ શાસ્ત્રી શ્રી નેત્તમપ્રકાશદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ સ્વતંત્ર સેનાની વીર વિનાયક સાવરકરજીની ૧૪૦ મી જન્મ જયંતી નિમિત્તે વીર વિનાયક સાવરકરજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, હિન્દુ ધર્મ સેના સાવરકુંડલા શહેર પ્રમુખ મયુરભાઈ ખાચર, હિન્દુ ધર્મ સેના અમરેલી જિલ્લા મંત્રી કેતનભાઈ કેશુર, હિન્દુ ધર્મ સેના સંગઠન મંત્રી ભુપેન્દ્રભાઈ ખુમાણ, હિન્દુ ધર્મ સેના મંત્રી નીરજભાઈ ત્રિવેદી, હિન્દુ ધર્મ સેના કારોબારી સભ્ય લલીતભાઈ મારૂ, હિન્દુ ધર્મ સેના સભ્ય દેવર્ષિભાઈ બોરીસાગર, શહેર ભાજપ મહામંત્રી વિજયસિંહ વાઘેલા, અમરેલી જિલ્લા માલધારી સેલ કન્વીનર મયુરભાઈ રબારી, શહેર યુવા ભાજપ પ્રમુખ અનિરૂદ્ધસિંહ રાઠોડ, શહેરી યુવા ભાજપ મહામંત્રી ધર્મેન્દ્રભાઈ જોષી, નગરપાલિકા સદસ્ય ભુપતભાઈ પાનસુરીયા, નગરપાલિકા સદસ્ય કમલેશભાઈ રાનેરા, નગરપાલિકા સદસ્ય અનિલભાઈ ગોહિલ, રામ જન્મોત્સવ સમિતિ મંત્રી ગીરીશભાઈ રાજયગુરૂ, સોશિયલ મીડિયા સેલ કન્વીનર ઉમેશભાઈ ગાજીપરા, યુવા ભાજપ અગ્રણી ભાર્ગવભાઈ ભટ્ટ, યુવા ભાજપ અગ્રણી ગીરીશભાઈ નાંદોલીયા, વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખ હિતેશભાઈ પંડયા, મહામંત્રી હર્ષદભાઈ મહેતા સહિતના હિન્દુ ધર્મ સેનાના કાર્યકર્તાઓ અને ભારતીય જનતા પાર્ટીના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

લીલીયા તાલુકામાં તમાકુ નિયંત્રણ અધિનિયમ હેઠળ કુલ ૧૫ કેસ કરાયા



લીલીયા, તા.૨૯

વિશ્વ તમાકુ નિષેધ દિનની ત્રિ–દિવસીય ઉજવણીના ભાગ રૂપે લીલીયા તાલુકામાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ.એ. સિદ્ધપુરાના માર્ગદર્શન હેઠળ બે ટીમો બનાવી ચેકીંગ હાથ ધરવામાં આવેલ.

જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ક્રાંકચના મેડિકલ ઓફિસર ડો.સોનાલીબેન રાબડીયા તથા આર.બી.એસ.કે.ટીમ લીલીયાનાં ડો.અંજનાબેન ખાચર ડો. હિરેનભાઈ સોલંકી, બીનાબેન લીંબાણી, મિલનભાઈ પંડયા દ્વારા કુલ ૯ કેસ કરી રૂપિયા ૧૮૦૦ નો દંડ વસુલ કરેલ છે. તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગુંદરણનાં મેડિકલ ઓફિસર ડો.મયંકભાઈ સોલંકી અને બિપીનભાઈ કંડોળીયા અને પોલીસ સ્ટાફની એસ.બી. જાડેજા જી.વી. ખુમાણ દ્વારા તમાકુ અધિનિયમ –૨૦૦૩ અંતર્ગત કુલ ૬ કેસ કરીને રૂપિયા ૧૨૦૦ દંડ વસુલ કરેલ એમ મળી લીલીયા તાલુકામાં કુલ ૧૫ કેસો કરી રૂા.૩૦૦૦ દંડની વસુલાત કરવામાં આવેલ છે.

ઢસા ગામના રાજપરા પરિવાર દ્વારા

ટીંબી : નિર્દોષાનંદજી હોસ્પિટલને રૂપિયા ૩.૫૧ લાખની સહાય

હોસ્પિટલના મંત્રી બી.એલ. રાજપરા દ્વારા સન્માન

અમરેલી, તા. ૨૯

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર)ના લાભાર્થે ઢસા ગામે બાલુભાઈ વલ્લભભાઈ રાજપરા પરિવાર આયોજીત ''શ્રીમદ્ દેવી ભાગવત જ્ઞાનયજ્ઞ'' પ્રસંગે ''સનાતન ધૂન મંડળ'' ઢસા ગામના રત્નકલાકાર તેમજ કૃષિકાર યુવાનો દ્વારા ધુન–સર્કિતન રાખવામાં આવેલ જે નિમિતે એકત્રીત થયેલ રકમ ત્રણ લાખ એકાવન હજાર આયોજન પરિવારના રજનીભાઈ બી. રાજપરા તથા ધુન મંડળના યુવાનોના હસ્તે હોસ્પિટને અર્પણ કરવામાં આવેલ.

આ પ્રેરણાદાયી અને સરાહનીય સેવાકાર્ય કરવા બદલ હોસ્પિટલના મંત્રી બી.એલ. રાજપરા દ્વારા તેઓનું હોસ્પિટલના પ્રણેતા સદ્‌ગુરૂદેવ સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજના 'જીવનચરિતામૃત' ગ્રંથ અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ.

ફાયર ઓફિસરનાં માર્ગદર્શન તળે સુંદર કામગીરી

લાઠી : મેથળી ગામ નજીક વાડીનાં કુવામાં પડી જનાર અજાણી વ્યકિતને બહાર કઢાઈ

વ્યકિતને જીવીત બહાર કઢાતા પરિવારજનો ખુશ

અમરેલી, તા. ૨૯

ગઈકાલે તા.૨૮ના સમય સાંજના આઠેક વાગ્યે લાઠી તાલુકાના મેથળી ગામના પાટીયા પાસે આવેલ એક ખેડૂતની વાડીમાં કોઈ અજાણી વ્યકિત ૭૦ ફૂટ ઊંડા કૂવામાં પડી ગયેલ છે તેની ટેલીફોનિક જાણ થતા અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે કરવામાં આવતા ફાયર ઓફિસર એસ. સી. ગઢવીની રાહબરી નીચે વાયરલેસ ઓફિસર હરેશભાઈ સરતેજા તેમજ અનુભવી તરવૈયા એવા કૃષ્ણભાઈ ઓળકિયા અને સવજીભાઈ ડાભી વિગેરે બનાવ સ્થળે દોડી જઈ અને બે કલાકની ભારે જહેમત બાદ કુવામાં પડેલ વ્યકિતને જીવિત બહાર કાઢેલ હતો. કુવામાં પડેલ વ્યકિતને જીવીત બહાર કાઢતા તેમના પરિવારજનો દ્વારા ફાયર ટીમનો આભાર વ્યકત કરવામાં આવેલ હતો. જયારે આ કામગીરી કરનાર ફાયર સ્ટાફના પ્રવીણભાઈ ચૌહાણ, સવજીભાઈ ડાભી, કૃષ્ણભાઈ ઓળકિયા, જયદીપભાઈ ઈસોટીયા તથા ધવલભાઈ ચાવડા વિગેરે જોડાયા હતાં.

ધારી : ઔદ્યોગિક સંસ્થામાં પ્રવેશ માટે તા. ૨૫ જુન સુધીમાં ઓનલાઈન અરજી કરવી

અમરેલી, તા.૨૯

ઔદ્યોગિક તાલીમ સંસ્થા –ધારી ખાતે વિવિધ પ્રકારના (NCVT અને GCVT) વ્યવસાયોમાં ઓગસ્ટ–૨૦૨૩ (પ્રથમ રાઉન્ડ માટે) ભરવાપાત્ર બેઠકો પર ઓનલાઈન એડમિશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ બેઠકો પર પ્રવેશ મેળવવા માંગતા હોય તેવા ઉમેદવારોએ તા.૨૫/૦૬/૨૦૨૩ સુધી www.itiadmission.gujarat.gov.in વેબસાઈટ પરથી પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ છે. ફોર્મ ભરવાની તથા કન્ફર્મ કરવાની છેલ્લી તા.૨૫/૦૬/૨૦૨૩ છે. આઈ.ટી.આઈ ધારી ખાતે ફીટર, મીકેનીક ડિઝલ, સુઈંગ ટેકનોલોજી, કોપા, વેલ્ડર જેવા વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા લાયકાત ધરાવતા ઉમેદવારોને પોતાની કારકિર્દી ઘડવાની તક છે. પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ વધુ માહિતી માટે સંસ્થાનો રૂબરું સંપર્ક કરવા આચાર્યશ્રી ઔદ્યોગિક તાલીમ સંસ્થા–ધારીએ એક યાદીમાં જણાવ્યું છે.

જોઇએ છે

ગૃહમાતા – 1

:: સંપર્ક ::

શ્રી પટેલ કન્યા છાત્રાલય
સાવરકુંડલા

રેલ્વે સ્ટેશન સામે, માર્કેટીંગ યાર્ડ બાજુમાં,
સાવરકુંડલા. મો. 94297 02224

શ્રી સ્વસ્તીક નાગરીક શરાફી સહકારી મંડળી લી. બગસરા.

મેઘાણીનગર, ફાયર સ્ટેશનની બાજુમાં, બગસરા. (જી. અમરેલી)

જોઇએ છે

તા. ૨૯/૦૫/૨૦૨૩

શ્રી સ્વસ્તીક નાગરીક શરાફી સહકારી મંડળી લી. બગસરાને જુદી જુદી બ્રાંચોની કામગીરી સંભાળવા માટે જનરલ મેનેજરની જરૂરીયાત છે, તો આ માટે નીચેની વિગતે લાયકાત તથા અનુભવી ધરાવતા અરજદારશ્રીએ પોતાના સ્વ. હસ્તાક્ષરવાળી અરજી પુરા નામ સરનામા તથા મોબાઈલ નંબર સાથે જરૂરી લાયકાત તેમજ અનુભવના પ્રમાણપત્રો સાથે દિન–૩૦ (ત્રીસ)માં મળી જાય તેમ રજીસ્ટર એ.ડી.થી મોકલી આપવા જાણ કરવામાં આવે છે.

લાયકાત	માન્ય યુનિ.માંથી MBA અગર તો M.COM ની ડિગ્રી મેળવેલ હોવી જરૂરી છે.
વય મર્યાદા	(ચાલીશ) વર્ષ સુધી
અનુભવ	હિસાબી કામનો, ઓડિટનો તેમજ વહીવટી કામનો ત્રણ થી ચાર વર્ષનો અનુભવ.

નોંધ : પસંદગી પામેલ ઉમેદવારનો પ્રથમ છ માસનો પીરીયડ પ્રોબેશનલ રહેશે. પ્રોબેશનલ પીરીયડ પૂર્ણ થયેલી આકર્ષક પગાર આપવામાં આવશે.

ચેરમેન
એમ.ડી. મહિડા સાહેબ

વા.ચેરમેન
જી.એસ. ગોસાઈ સાહેબ

શ્રી સ્વસ્તીક નાગરીક શરાફી સહકારી મંડળી લી. બગસરા.

રોજગાર કચેરી દ્વારા અનુબંધમ વેબ પોર્ટલનાં માધ્યથી તા. ૨ જુનનાં રોજ ભરતી મળો

અમરેલી તા.૨૯

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી નિયમિત ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે.

ખાનગી ક્ષેત્રના એકમ સીનોવા ગીયર્સ એન્ડ ટ્રાન્સમિશન પ્રા.લી. પીપલિયા જિ.રાજકોટ માટે ૧૮ થી ૪૫ વર્ષની વય ધરાવતા હોય, ખાલી જગ્યાઓને અનુરૂપ શૈક્ષણિક લાયકાત ડિપ્લોમા, ગ્રેજયુએટ તેમજ આઈ.ટી.આઈ તમામમ ટ્રેડની તકનીકી લાયકાત ધરાવનારા તમામ ઉમેદવારો અરજી કરી શકે છે. જયારે શિવ શક્તિ એગ્રીટેક લીમીટેડ અમદાવાદ માટે સેલ્સ એન્ડ માર્કેટિંગની જગ્યાઓ માટે ૧૮ થી ૩૫ વર્ષની વય તેમજ ધો.૧૦ અને ધો.૧૨ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે ભરતીમેળાનું આયોજન આગામી તા.૦૨ જુન, ૨૦૨૩ને શુક્રવાર રોજ સવારે ૧૧ વાગ્યે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લાઠી રોડ, અમરેલી ખાતે કરવામાં આવ્યું છે.

અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ભરતી મેળો યોજાશે. આ ભરતી મેળામાં ભાગ લેનાર રોજગાર ઈચ્છુકોએ ઉપસ્થિત રહેવું.

આ ઉપરાંત અનુબંધમ પોર્ટલ http:anubandhan.gujarat.gov.in/account/signup પર આધાર કાર્ડ, શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે જોબ સીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે.

નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબ ફેરના મેનુમાં કિલક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબ ફેરમાં ભાગ લઈ શકશે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના કોલ સેન્ટર નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ પર સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

અમરેલી ખાતે વિહિપ દ્વારા વીર સાવરકર જન્મ જયંતિએ પુષ્પાંજલિ અર્પણ કરાઈ

વિ હિન્દુ પરિષદ અમરેલીનાં ઉપક્રમે રાષ્ટ્ર નાયક 'વીર સાવરકર'ની જન્મ જયંતી નિમિતે પુષ્પાજંલી અર્પણ કરવામાં આવેલ. અમરવેલી સહકારી મંડળી અમરેલી ખાતે આ પુષ્પાજંલી કાર્યક્રમ રાખવા મા આવેલ. જેમા વિહીપ જિલ્લા પ્રમુખ ઈતેશભાઈ મહેતા, ઉપાધ્યક્ષ રશ્મિનભાઈ ત્રિવેદી, સહમંત્રી ઈશ્વરભાઈ રાજયગુરૂ, ખજાનચી પ્રો.પંકજભાઈ ત્રિવેદી, ધર્મ પ્રચાર સંયોજક પ્રતાપભાઈ રાઠોડ, ધર્માચાર્ય સંપર્ક સયોજક ડી.જી. મહેતા, વિશેષ સંપર્ક પ્રમુખ પ્રકાશભાઈ રાજગોર, સેવા પ્રમુખ પ્રમોદભાઈ દીક્ષિત, સમન્વય સંયોજક મીલનભાઈ શુકલા, અમરવેલી મંડળીના એમ.ડી. અંકુર માવદીયા, હિંદ ગૃપના મનોજભાઈ કાબરિયા, એબીવીપીના કુણાલભાઈ ત્રીવેદી વગેરે ઉપસ્થિત રહીને પુષ્પાંજલિ અર્પણ કરેલ.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એકિસડન્ટ) થયેલ ફેકચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...

ઓર્થોપેડીક વિભાગ મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં

ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલ્ટન્ટ ઓર્થોપેડીક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન

ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી

- દરેક પ્રકારનાં હાડકાનાં ફેકચરની અદ્યતન સારવાર - ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફેકચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.

ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક | નિદાન ફી માત્ર રૂા.૫૦/-
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન

NCT NETRA CHIKITSA TRUST
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભાજપ સરકારે ૯ વર્ષ પૂર્ણ કરતાં

અમરેલી જિલ્લામાં આજથી એક મહિના માટે ભાજપનું જનસંપર્ક અભિયાન

આજે ૩૦ મેથી પ્રધાનમંત્રી દ્વારા સમગ્ર દેશમાં જન સંપર્ક રેલીનો થશે પ્રારંભ

૧ જૂનથી ૬ જૂન સુધી જિલ્લામાં એક હજાર પરિવારોનો સંપર્ક કરવામાં આવશે

૧ જૂનથી ૨૦ જૂન સુધી જિલ્લાનાં નેતાઓ દ્વારા વિકાસકાર્યોનાં સ્થાનની મુલાકાત લેવાશે

૧૩ જૂનનાં રોજ રાષ્ટ્રીય અને રાજયસ્તરનાં નેતાઓની ઉપસ્થિતિમાં વિશાળ જનસભા યોજાશે





અમરેલી, તા. ૨૯

૩૦ મે ૨૦૨૩નાં રોજ દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વ હેઠળ ભાજપ સરકાર તેના ૯ વર્ષ પૂર્ણ કરી રહી છે. આ પ્રસંગે ૩૦ મે થી ૩૦ જૂન ૨૦૨૩ સુધી ભાજપ સંગઠન ધ્વારા વિવિધ કાર્યક્રમ તમામ જિલ્લા, મંડલ, શકિત કેન્દ્ર અને બુથ ઉપર આયોજીત કરવામાં આવશે તથા વિશેષ જનસંપર્ક અભિયાન લોકસભા ક્ષેત્રોમાં યોજવામાં આવશે.

આ અભિયાન અંતર્ગત આખા દેશમાં તથા અમરેલી જિલ્લામાં વ્યાપક જનસંપર્ક, લાભાર્થી સંપર્ક, સમાજનાં વિવિધ વર્ગો સાથે સંપર્ક, વરિષ્ઠ કાર્યકર્તા સંપર્ક, ઘર ઘર સંપર્ક વગેરે જેવા લોકસભા, વિધાનસભા અને બુથ સ્તરનાં કાર્યક્રમો આયોજીત કરવામાં આવશે. જેના માધ્યમથી 'મોદી સરકાર' ની નીતિઓ અને ઉપલબ્ધિઓને જનતા સુધી પહોંચાડવામાં આવશે.

આગામી તા. ૩૦ મે થી ૩૦ જૂન ૨૦૨૩ દરમ્યાન આ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટી ધ્વારા જુદા–જુદા કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

અનુસંધાન પાના ૬ ઉપર

રાજુલા નજીક આવેલ

કોટડી ગામે સરપંચનાં પતિએ ખેડૂત પ્રૌઢને જેસીબી માથે ચડાવી દેવાની ધમકી આપી

વાડીનાં શેઢે ખેડૂતે ખોદકામ કરવાની ના પાડતા બન્યો બનાવ

અમરેલી, તા. ૨૯

રાજુલા તાલુકાના કોટડી ગામે રહેતા અને ખેતીકામ કરતા ભગાભાઈ રામભાઈ સાંખટ નામના ૫૦ વર્ષિય પ્રૌઢ ખેડૂતે તે જ ગામે રહેતાં મનુભાઈ ધનજીભાઈ નકુમ ખેડૂતની વાડીનાં શેઢે ખોદકામ કરતાં હોય જેથી ખેડૂતે ના પાડતાં આરોપી મનુભાઈએ ઉશ્કેરાઈ જઈ હું ગામનો સરપંચ છું ધારું તેમ કરું તારે થાય તે કરી લેજે તેમ કહી ગાળો આપી ખેડૂતને માથે જેસીબી ચડાવી મારી નાખવાની ધમકી મળ્યાની ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાઈ છે.

Sheetal

• પંજાબી - સાઉથ ઈન્ડીયન ફૂડ
• સેન્ડવીચ • સ્નેક્સ • આઈસ્કીમ
• થીક શેઈક • જ્યુસ તેમજ ઘણુ બધું...

શીતલ આઈસ્કીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. ☎ 02792-220867 - 95109 59954
સમય : સવારે 08:00 થી રાત્રે 11:00

આજે જ પધારો, આપની એક મુલાકાત કાયમી યાદગાર બની રહેશે...

સાસંદ કાછડીયાની ઉપસ્થિતિમાં ભાજપ પરિવાર દ્વારા પત્રકાર પરિષદ યોજાઈ

અમરેલી ખાતે મોદી સરકારનાં ૯ વર્ષ પુર્ણ થતાં સરકારની સિદ્ધિઓનું વર્ણન કરાયું

દેશમાં છેલ્લા ૯ વર્ષમાં દરેક ક્ષેત્રે અદ્દભૂત વિકાસ થયો

અમરેલી, તા. ૨૯

અમરેલી ખાતે આજે સાસંદ નારણભાઈ કાછડીયાની ઉપસ્થિતિમાં જિલ્લા ભાજપ દ્વારા મોદી સરકારનાં ૯ વર્ષ પુર્ણ થતાં સરકારની સિદ્ધિઓનું વર્ણન કરવામાં આવ્યું હતું.

અમરેલી ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં ઉપસ્થિત ભાજપનાં આગેવાનોએ જણાવેલ હતુ કે, અમરેલી જિલ્લામાં વર્ષ ૧૯૧૨ માં રેલ્વે લાઈન સ્થપાણી હતી. વર્ષ–૨૦૧૪ પહેલા એટલે કે ૧૦૦ વર્ષમાં અમરેલીના લોકોએ બ્રોડગેજનું મોઢુ પણ જોયેલ ન હતું. મોદી સરકારનાં આવ્યા બાદ તરત જ અમરેલી જિલ્લામાંથી પસાર થતી રેલ્વે લાઈનોને બ્રોડગેજમાં પરીવર્તિત કરવા માટેની મંજુરી આપવામાં આવી.

આજે ઢસાથી જેતલસર સુધી ૧૦૪ કિ.મી. લાઈન બ્રોડગેજમાં રૂપાંતરીત થઈ ચુકી છે. અને આ ટ્રેક પર જેતલસરથી ભાવનગર રૂટની પેસેન્જર ટ્રેનો પણ કાર્યરત થઈ ગયેલ છે. જે મોદી સરકારમાં સંભવ બનેલ છે.

તેમજ (૧) ખીજડીયા, અમરેલી, ધારી, વિસાવદર, (૨) વિસાવદર, જુનાગઢ, (૩) વિસાવદર, વેરાવળ મીટર ગેજ લાઈનોને બ્રોડગેજમાં ફેરવવાની મંજુરી પણ મળ

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

માણસ સુખી થવા માટે
- મકાન - ગાડી - મોબાઈલ - વસ્ત્ર
બદલે છે. છતાં દુઃખી છે.
કારણ કે પોતાનો સ્વભાવ નથી બદલતા.

લાઈવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

એસ.પી.નાં માર્ગદર્શન તળે ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

લાઠી–ચાવંડ માર્ગ પરથી વિદેશી દારૂની ૩૨૪ બોટલ ઝડપાઈ

રૂપિયા ૩.૯૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો

અમરેલી, તા. ૨૯

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહએ અમરેલી જિલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ. એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, એક કારમાં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો ભરી ચાવંડ ગામથી લાઠી તરફથી આવે છે જે બાતમી આધારે વોચમાં ગોઠવાયેલ હોય તે દરમિયાન હકિક વાળી કાર આવતા જેને રોકવા પ્રયાસ કરતા ચાલકે ગાડી ઉભી રાખેલ નહિ, જેથી પોલીસ સ્ટાફે પીછો કરતા કાર ચાલક આગળ રોડ ઉપર કાર ઉભી રાખી નાસી ગયેલ હોય, જે કારની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ–૩૨૪ કિમત રૂપિયા ૯૩,૬૩૬ તથા એક કાર નંબર જી.જે.૧૬.

અનુસંધાન પાના ૬ ઉપર

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)